Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ જેઠ-અષાઢ

एयं खु नाणिणो सारं, जं न हिंसति किंचण ।
अहिंसासमयं चेव एयावंतं वियाणिया ॥

(મહાવીર વાણી-૮)

કોઈ ને પણ પીડા ન કરવી એ ખરેખર જ્ઞાનીઓ માટે સારરૂપ છે. અહિંસાનું એટલું જ તાત્પર્ય સમજાય તો ય ઘણું છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

પુસ્તક : ૭૧ ] જુન-જુલાઈ : ૧૯૭૪ [ અંક : ૮, ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. વાડીલાલ ચત્રભુજ ગાંધીના

## જીવનની ટૂંકી રૂપરેખા



શ્રદ્ધા, શક્તિ અને ઉત્સાહનો જેના જીવનમાં સતત સ્તોત્ર વહી રહ્યો છે એવા શ્રી. વાડીલાલ ચત્રભૂજ ગાંધીનો જન્મ ભાવનગરના સુપ્રસિદ્ધ ગાંધી મોતીલાલ ગગલભાઈના કુટુંબમાં ભાવનગર મુકામે તા. ૧૪, સપ્ટેમ્બર ૧૯૦૩ના દિવસે થયો હતો. દાદાની સેવાભાવના અને પિતાની કાર્યકુશળતાનું સુભગ મિલન શ્રી વાડીલાલભાઇના જીવનમાં થયેલું જોઇ શકાય છે. શ્રી. વાડીલાલભાઈની નવ વર્ષની ઉંમરે તેમની માતા શ્રી. નર્મદાબહેનનું દુઃખદ અવસાન થયું. માતૃસુખથી તેઓ વંચિત રહ્યા પણ કદાચ આ કારણે તેઓ વધુ સ્વાવલંબી બન્યા. પ્રાથમિક કેળવણી મુંબઇમાં લીધા બાદ પ્રીમેટ્રીક સુધીનો અભ્યાસ તેમણે ભાવનગરમાં કર્યો.

માત્ર અઢાર વર્ષની વયે ઇ. સ. ૧૯૨૧માં શ્રી. વાડીલાલભાઇએ મુંબઇમાં પોતાના ધંધાની કારકિર્દી શરૂ કરી. શ્રી. વાડીલાલભાઇએ નાના પાયા પર પીસ ગુડઝનો ધંધો શરૂ કરી આજે તેઓ મિલ માલિક બની અનેક ઉદ્યોગોના સંચાલક બન્યા છે. સફળ ધંધાદારી હોવા છતાં તેમનો રાષ્ટ્રપ્રેમ અનોખો અને ભારે પ્રશંસાને પાત્ર છે. સને ૧૯૨૧માં પૂજ્ય મહાત્મા ગાંધીજીનાં નેતૃત્વ હેઠળ પરદેશી વસ્તુઓનો બહિષ્કાર થયો ત્યારે જ શ્રી. વાડીલાલભાઇએ પરદેશી કાપડમાં વેપાર ન કરવાનું વ્રત લીધું. સને ૧૯૩૦ માં પૂ. ગાંધીજીની સરદારી નીચે મીઠાનો સત્યાગ્રહ શરૂ થયો ત્યારે શ્રી. વાડીલાલભાઇએ તેમાં આગળ પડતો ભાગ લીધો હતો. શ્રી. વાડીલાલભાઈની વિધ વિધ ક્ષેત્રેની સેવાઓ ધ્યાનમાં લઈ આપણી સરકારે તેમને ઈ. સ. ૧૯૪૮માં જસ્ટીસ ઓફ પીસ (જે. પી.) બનાવ્યા. દેશમાં જ્યાં જ્યાં કુદરતી આફતો–ધરતીકંપ, રેલ, આગ વગેરે હોય ત્યાં ત્યાં તેઓ તુરત જ દોડી જઇ તન–મન–ધન પૂર્વક પોતાની સેવા આપે છે. તેમની સેવાઓને ધ્યાનમાં લઈ ઈ. સ. ૧૯૬૨માં ચેમ્બુર મતદાન વિભાગમાંથી લોકોએ મોટી બહુમતિથી મુંબઈ વિધાન સભામાં ચૂંટી કાઢ્યા હતા. ગયા વરસે જ્યારે દક્ષિણ ગુજરાત તેમજ બિહારમાં મોટી રેલ આવી ત્યારે લોકોને સહાય કરવા મોટી જહેમત ઉઠાવી સારું એવું ભંડોળ એકઠું કરી આપ્યું હતુ. આ રીતે તેમના જીવનમાં ડગલે અને પગલે કરુણા અને મૈત્રી ભાવનાનો અખૂટ ઝરો વહી રહેલો જોવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માણસમાં જેટલી ઉદારતા અને હૃદયની વિશાળતા હોય તેટલા પ્રમાણમાં તેને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે, એ વાત શ્રી. વાડીલાલભાઈના જીવન પરથી પ્રત્યક્ષ જોઈ શકાય છે. ઘાટકોપરની શેઠ વાડીલાલ ચત્રભુજ ગાંધી ગુરૂકૂળ હાઈસ્કુલ તેમજ વાડીલાલ ચત્રભુજ ગાંધી અને શ્રી. મોનજી અમીદાસ હોસ્પીટલમાં તેમણે ગણના પાત્ર દાન કરેલું છે. આ હોસ્પીટલમાં તેમના સ્વ. પુત્ર ગૌતમકુમારના નામથી બાળકો માટેનો એક વોર્ડ શરૂ કરવામાં આવેલ છે. તેમના સ્વ. પિતાશ્રી શ્રી. ચત્રભુજ મોતીલાલ ગાંધીનું નામ જોડી પાલીતાણાની હાઇસ્કુલમાં સારી રકમનું દાન આપેલું છે. તેમના સ્વ. બંધુ શ્રી. મણિલાલ ગાંધીના સ્મરણાર્થે સોનગઢની કે. જે. મહેતા ટી. બી. હોસ્પીટલમાં સારી રકમ આપેલી છે. તેમના સ્વ. માતુશ્રી નર્મદા બહેનનું નામ જોડી ઘાટકોપર ઉપાશ્રયમાં મોટી રકમ આપેલી છે. શ્રી વાડીલાલભાઇ સ્ત્રી શિક્ષણના હિમાયતી છે. તેમના સ્વ. માતુશ્રીની સ્મૃતિ જાળવવા ભાવનગરમાં તેમની માતાનું નામ જોડી મહિલા કોલેજની સ્થાપના કરી છે. વિદ્યાવિહારની સોમૈયા કોલેજના તેઓ આદ્ય સંસ્થાપક છે. મુંબઇની મહાવીર જૈન વિદ્યાલય સંસ્થાના તેઓ ટ્રસ્ટી છે. ઘાટકોપરની શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, શેઠ રામજી આસર વિદ્યાલય તેમજ બીજી અનેક ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે તેઓ એક અગર તો બીજી રીતે સંકળાયેલા છે અને તન-મન-ધન પૂર્વક પોતાની સેવા આપે છે.


જૈન સમાજ અને જૈન ધર્મ માટે શ્રી. વાડીલાલભાઇ અનન્ય ગૌરવ ધરાવે છે. જૈન શ્વેતામ્બર કોનફરન્સના પાલીતાણામાં થયેલા છેલ્લા અધિવેશનમાં તેમની વરણી સ્વાગતાધ્યક્ષ તરીકે થઈ હતી. શ્રી વર્ધમાન કો ઓપરેટીવ બેંકની સ્થાપના અને વિકાસમાં તેમનો અપૂર્વ ફાળો છે. ભાવનગરમાં પણ તેમના સ્તુત્ય પ્રયાસોથી આવી બેંકની સ્થાપના થયેલી છે. ભાવનગરના સરદારનગર વિસ્તારમાં થયેલ નૂતન જિન પ્રાસાદનાં નિર્માણ અને પ્રતિષ્ટા મહોત્સવમાં તેમનો ઉત્સાહ અનેરો હતો. શ્રી. વાડીલાલભાઈ તેમની નિયમિત સામાયિક અને સેવા પૂજા કાર્ય વિધિમાં કદીએ ખલેલ પડવા દેતા નથી. અને જવાબદારીઓ હોવા છતાં આચાર્ય શ્રી. ધર્મસૂરિજીની નિશ્રામાં ઉપધાન જેવું મહાન તપ તેમણે કરેલું છે. તેમનું વાંચન-મનન અને ચિંતન વિશાળ છે. યોગ વિદ્યામાં તેમને રસ છે. અને તેના અભ્યાસી છે.

શ્રી. વાડીલાલભાઇએ પોતાના જીવનમાં વિવિધ ક્ષેત્રે આવી મહાન સફળતા પ્રાપ્ત કરેલી છે. તેનું સાચું રહસ્ય તેમના પત્ની સૌ. ભાનુમતી બહેનમાં રહેલું છે. આર્થિક, આધ્યાત્મિક અને સેવા ક્ષેત્રે તેઓએ અપૂર્વ સફળતા મેળવી છે, કારણ કે ગૃહસ્થાશ્રમનો તમામ બોજો શ્રી. ભાનુમતી બહેને પોતાના શિરે ઉપાડી લીધો છે, શ્રી. ભાનુમતી બહેન શ્રી. વાડીલાલભાઇના પૂરક છે. તપ-શીલ-સંયમ અને સહિષ્ણુતાના ભાવોનું દર્શન તેમના પરિચયમાં આવનાર સૌ કોઇને પ્રથમ દૃષ્ટિએ જ થાય છે.

આ સભાના પેટ્રન બની શ્રી. વાડીલાલભાઇએ સભાના કાર્યની અનુમોદના કરી છે જે અમારા માટે આનંદનો વિષય છે. શાસનદેવ તેમને દીર્ઘાયુ અને તન્દુરસ્તી અર્પે અને લાંબા સમય સુધી તેઓ જૈન સમાજ અને લોક કલ્યાણના કાર્યો કર્યા કરે એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૭૧ ] વિ. સં. ૨૦૩૦ જેઠ-અષાડ .'. ઈ. સ ૧૯૭૪ જુન-જુલાઈ [ અંક : ૮-૯

# મદ–ત્યાગ

न जाइमत्ते न य रूवमत्ते,
न लाभमत्ते न सुहएणमत्ते ।

मयाणि सव्वाणि विवज्जइत्ता,
धम्मज्झाणरए जे स भिक्खू ॥

"હું અમુક ઉત્તમ જાતિનો છું" એમ જાતિ મદ કરતો નથી, 'હું ઘણો રૂપાળો છું' એમ જે રૂપ મદ કરતો નથી, 'મને જ્યારે જે જોઈએ તે બધું બરાબર મળ્યા કરે છે' એમ જે લાભનો મદ કરતો નથી, 'હું ખૂબ શાસ્ત્રો ભણેલ છું' એમ જે શાસ્ત્રજ્ઞાનનો મદ કરતો નથી—આ પ્રમાણે દરેક પ્રકારના મદને જે તજે છે અને ધર્મધ્યાનમાં સાવધાન છે તેને 'ભિક્ષુ' કહેવો.

મહાવીરવાણી-૨૭૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પીપળ પાન ખરંતા

લેખક : શ્રી ધનસુખલાલ મહેતા

રાતના સાડા નવ થવા આવ્યા હતા. ધનંજય આરામ ખુરશીમાં હતો. મોંમાં સિગરેટ હતી. પત્ની શોભના એક બીજી ખુરશીમાં બેઠી બેઠી સાડી પર 'ફોલ' મૂકતી હતી. તેમનાં લગ્નને બે એક વર્ષ વીતી ગયાં હતાં.

ધનંજય પિતાના ધંધામાં જ ગોઠવાયેલ હતો. પિતાનો ધંધો સરસ ચાલતો હતો. ધનંજયના ઘરમાં આમે પતિ-પત્ની ઉપરાંત માતા પિતા, એક નાનો ભાઇ અને એક નાની બહેન એટલાં હતાં. શોભનાનાં સાસુ-સસરા સ્વભાવે શાંત અને હેતાળ હતાં. શોભના ગ્રેજ્યુએટ હોઈ પૈસાની ખાસ જરૂર ન હોવા છતાં સ્વતંત્ર નોકરી કરતી હતી.

ધનંજયે સિગારેટના ધુમાડા કાઢતાં કહ્યું, 'રાતે સાડીને 'ફોલ' ચડાવતી ન હોય, તો ન ચાલે ?'

'તમે પણ ?' શોભના બોલી, 'બીજો ટાઇમ જ કયાં મળે છે ? સવારે તો નાહી ધોઇ પરવારી, થોડી વાર, રસોડામાં હાજરી આપી, જમીને ઓફિસે જાઉં છું'

'ઓફિસેથી આવીને ?'

'ઓફિસેથી આવીને જરા થાક ઉતારી રસોડામાં તો જવું જ પડે ને !' શોભના બોલી.

'પણ રસોડામાં મહારાજ છે ને !'

'તો ય જવું તો પડે જ. ન જઇએ તો સાસુ-નણંદનાં મેણાં ટોણાં સાંભળવાં પડે' શોભનાએ કહ્યું.

'સાસુ કે નંણદ તને ટોણાં મારતાં હોય એમ મનાતું નથી. અને આજ સુધીમાં તેં પણ આ વાત પહેલી વાર જ કરી છે.' ધનંજય આશ્ચર્ય બતાવતાં બોલ્યો.

'પણ હું કયાં કહું છું કે એ લોકો ટોણાં મારે છે; આ તો ન જઇએ તો ટોણાં મારે એમ મારું માનવું છે.' શોભનાએ કહ્યું.

'તું પણ જબરી છે, હો ! જે દુ:ખ નથી તે દુ:ખનાં રોદણાં રડે છે !' ધનંજય બોલ્યો.

'ચાલો ત્યારે એ વાત પાછી ખેંચી લઉં છું;' પણ શોભના બોલતાં બોલતાં અચકાઇ ગઇ.

'પણ' આગળ જ પૂર્ણ વિરામ છે ?'

'ના, પણ કહેતાં કહેતાં અચકાઇ ગઇ. બાકી આ વાત મારે તમને કહેવી તો હતી જ.' શોભના બોલી.

'ત્યારે હવે અત્યારે કહી નાખ.' ધનંજયે કહ્યું.

'ખરાબ ન લગાડતા, મારે સાસરીયામાં કશુ દુ:ખ છે એમ હું કહેવા માગતી નથી; છતાં...' શોભના બોલી.

'વળી પાછો વિરામ ! તે વખતે 'પણ' હતું, આ વખતે 'છતાં' આવ્યુ ! હવે આગળ ચલાવો.'

'તમને વાંધો ન હોય, તો આપણે જુદાં રહીએ.' શોભનાએ બોલી નાખ્યું અને પતિના ઉત્તરની રાહ ઉત્કંઠાથી તે જોઈ રહી.

'જુદું રહેવું છે ? સાસરીયામાં કશું દુ:ખ નથી છતાં ?' ધનંજયે પૂરી થયેલી સિગારેટનું ઠૂંઠું 'એશટ્રે' માં મૂકતા કહ્યું.

'હા, માત્ર દુ:ખ હોય તો જ જુદાં રહેવાય ?'

'પણ તો પછી બીજું કશુંક કારણ તો હોવું જોઈએ ને !' ધનંજય બોલ્યો.

'યુરોપ-અમેરિકામાં જ નહિ પણ આપણા દેશમાં પણ અમુક આગળ વધેલા સમાજમાં, લગ્ન કરતી વખતે જ નવાં પરણેલાં જોડાં માટે ફ્લેટ લેવાય છે —જો સારી સ્થિતિ હોય તો.'

'એ વાત સાચી; અને આપણી સ્થિતિ ફ્લેટ લેવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેવી છે એ પણ વાત સાચી. પણ બીજાં કરે છે માટે જ આપણે પણ એમ કરવું એ શા માટે?' ધનંજય બોલ્યો, 'જુદા રહેવામાં માત્ર સુખ સગવડ નથી. એમાં અનેક અગવડો પણ હોય છે. એનો તેં વિચાર કર્યો ?'

'અગવડો કઇ ?' પત્નીએ પૂછ્યું.

'આમ બે જણ માટે આપણે મહારાજ ન રાખી શકીએ. માત્ર એક બાઈ પોષાય. એટલે રસોડામાં તારે ધ્યાન આપવાનું તો રહે જ. વળી કોઇને જમવા બોલાવવાં હોય તો તો બધી રસોઈ પણ તારે જ બનાવવી પડે. એ સિવાય ઘરનાં બીજાં નાનાં-મોટાં એવા અનેક કામ માથે આવી પડવાનાં જ. તેનો તેં વિચાર કર્યો ?' ધનંજય બોલ્યો

'વ્યક્તિગત સ્વાતંત્ર્ય મળે તો પછી એ અગવડો વેઠવામાં દુઃખ નહિ લાગે. ગમે તેવી સરસ સંયુક્ત કુટુંબની વ્યવસ્થા હોય છતાં એમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય તો નથી જ એમ તો તમે પણ કબૂલ કરશો જ.' શોભનાએ કહ્યું.

થોડીવાર ધનંજયે મૌન પાળ્યું. આખરે તેણે કહ્યું, 'શોભના ! આ તારો આખરી નિર્ણય છે ? ધાર કે હું ના પાડું તો ?'

'મેં તો નિશ્ચય કરી નાખ્યો છે. બે વર્ષ તમે પણ માબાપ, ભાઇ બહેન જોડે રહ્યા, હવે છૂટા થવામાં આટલી દિલગીરી કેમ થાય છે—આવડો સંકોચ શા માટે ?' શોભના બોલી, 'અમે પણ પરણીને સાસરે આવીએ છીએ ત્યારે બધાં જ સગાનો ત્યાગ કરીને જ આવીએ છીએને !'

'આનો અર્થ આટલો જ કે જો હું ના પાડું તો આપણી બે વચ્ચે પણ વિખવાદ થવાનો. તો પછી, ઠીક; હું બે ત્રણ દિવસમાં બાપાજીને કહીશ, માને પણ સમજાવી દઈશ.' ધનંજયે નિઃશ્વાસ નાંખી કહ્યું.

'તો એમ કરજો; અને એમ કરવામાં મને થોડીક શાલપામરી ઓઢાડવી જરૂરની લાગે તો તેમ કરજો.' જરાક કટાક્ષમાં શોભના બોલી

'અત્યારથી આવું વલણ રાખવાની જરૂર નથી, ધનંજયે કહ્યું,' 'પણ પછી એમ ન બોલતી કે નોકરી અને ઘરનું કામકાજ કરતાં કરતાં હું તો થાકીને લોથ થઇ જાઉં છું.'

'એવી સ્થિતિ થશે તો હુ નોકરી છોડી દઇશ. પૈસા ખાતર તો હું નોકરી નથી કરતીને !' શોભના એ સાડી વગેરે ઊંચુ મૂકતાં કહ્યું.

'અચ્છા ! તારે છૂટા રહેવું જ છે, તો જેમ બને તેમ વહેલું થઇ જાય એમાં જ શ્રેય છે.'

° ° °

સમય જતાં કાંઇ વાર લાગે છે ! ઉપલા સંવાદને ખાસ્સાં સત્તાવીસ વર્ષ વીતી ગયાં. ધનંજય-શોભાનાનો પુત્ર અતુલ પચીસમે વર્ષે પરણ્યો અને પરણ્યાંને પણ બે વર્ષ વીતી ગયાં હતાં. ઘરમાં અતુલ એની પત્ની સુનયના સિવાય ધનંજયને બીજા બે પુત્રો હતા, પણ પરણવા જેવડા થયા ન હતા. ધનંજયની સ્થિતિ પહેલાં કરતાં પણ સારી હતી. અતુલ પણ બાપ દાદાના ધંધામાં જ જોડાયો હતો. પિતા પુત્રની જુદી જુદી કાર હતી, અતુલ તેમજ સુનયના બે વાર પરદેશની જાત્રા પણ કરી આવ્યાં હતાં.

રાતના સાડા નવ થયા હતા. ધનંજય મોંમાં પાઇપ રાખી, તદ્દન સ્વસ્થતાથી આરામ ખુરશીમાં પડયો હતો. પાસે સોફા પર શોભના એક માસિક લઇને વાંચતી હોય એવો દેખાવ કરી રહી હતી. પણ એનું ધ્યાન વાંચવામાં ન હતું. ધીમે રહીને એ બોલી, 'સાંભળો છો કે ?'

'શું છે ?' ધનંજયે પૂછ્યું, 'આટલી ગંભીરતાથી કેમ ?'

'વિષય ગંભીર હોય તો ગંભીર થઇને જ બોલવું પડે ને !'

'ઓહો, એમ ? વિષય ગંભીર છે ? તો થાવા દ્યો.' ધનંજય ગંભીરતા તોડી નાખવાનો યત્ન કરતો બોલ્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'આ આપણા અતુલના મગજમાં કાંઈ જુદો જ ફાંટો આવ્યો છે. મગમાંથી પગ નીકળ્યા છે !' શોભના બોલી.

'હોય, હોય: વય વધતાં મગને પણ પગ આવે.'

'તમને તો બધું હસવાનું જ લાગે છે !' શોભનાએ કહ્યું, 'અતુલે આજે મને કહ્યું કે અમે આવતે મહિનેથી જુદાં રહેવાનાં છીએ. ફ્લેટ પણ રખાઇ ગયો છે, અને તમને અને મને એ તે જોવા પણ લઇ જવાનો છે.'

'વાત એમની એમ છે !'

'હા જી, પેલી સુનયનાએ ચડાવ્યો લાગે છે, બાકી આ ઘરમાં એને શી પંચાતી હતી ? શા દુઃખ પડયાં હતાં ? 'શોભનાએ જરા તપીને કહ્યું.

'એમાં તપી જવાની અને દુઃખ લગાડવાની જરા પણ જરૂર નથી; અને સુનયનાએ ચડાવ્યો કે બીજાએ ચડાવ્યો કે પછી પોતાની મેળે ચડયો એ વિષે પણ ચર્ચા કરવાની જરૂર નથી.'

'બસ ! તમારે આટલું જ કહેવાનું છે ? તમને એ એકાદ બે દિવસમાં વાત કરવાનો છે. જરા બરોબર ઊધડો લઇ નાખજો.'

'હું અતુલને ઊધડો લઇ નાખું ? કેમ વારું ?'

'હજી' 'કેમ વારું' પૂછો છો ? આ આવડો મોટો કર્યો, ભણાવ્યો, પરણાવ્યો, તે જુદો નાખવા માટે ? અને એમને અહીં શા દુઃખ પડી ગયાં ? નોકર ચાકરો છે, નોકરડી છે, રસોઇયો છે, એમને બે જણ વચ્ચે કાર છે. અને—' શોભના બોલી.

'બસ, બસ, શોભના, વય વધતાં યાદદાસ્ત પણ ઘટે છે, વધતી નથી—' ધનંજય જરાક સ્મિત કરતાં બોલ્યો.

'મેં અતુલને કહ્યું કે ભાઈ, અહીં શી અગવડ છે, તે તો કહો, ત્યારે કહે કે સંયુક્ત કુટુંબમાં રહેવાથી વ્યક્તિ સ્વાતંત્ર્ય મળતું નથી ! જુઓ તો ખરા, વાત લઈ આવ્યા તે !' શોભનાએ કહ્યું.

'ખરેખર ! આમ જ કહ્યું, ઓ હો હો હો !' આમ બોલીને ધનંજય ખડખડાટ હસી પડ્યો.

'આમાં હસવા જેવું શું છે ?'

'હું સમજાવું, જરા શાંત રહીને સાંભળો.' ધનંજય બોલ્યો, આ જ વર્ષો પહેલાં ધનંજય અને શોભનાને પરણ્યાંને બેએક વર્ષ થયાં હતાં ત્યારે શોભનાને સાસરીયામાં કશું દુઃખ નહોતું, કશી અગવડ ન હતી; છતાં શોભનાને એમ લાગેલું કે આમ ને આમ સંયુક્ત કુટુંબમાં રહેવાથી માણસનું વ્યક્તિ સ્વાતંત્ર્ય હણાઇ જાય છે. અને ધનંજયે માબાપને વાત કરી. માબાપે જરા પણ ગુસ્સે થયા વગર, ખૂબ દુઃખની લાગણી અનુભવી એ બંનેને જુદાં રહેવાની રજા આપી. શોભના વહુનું વ્યક્તિ સ્વાતંત્ર્ય હણાયું નહિ.' આટલું કહી ધનંજય જરા થોભ્યો, 'હવે આજ અતુલચંદ્ર અને સુનયનાએ કશી અગવડ નથી, કશાં દુઃખ નથી; છતાં એમને લાગ્યું હશે એમનું વ્યક્તિ સ્વાતંત્ર્ય હણાઈ જાય છે. એટલે બંનેએ જુદાં રહેવાનો પાકો નિર્ણય લીધો. બોલો, હવે આમાં એ ધનંજય કે એ શોભના વાંધો કઈ રીતે ઉઠાવી શકે ? કઇ રીતે તેમને ના પાડી શકે ?'

'વાત તો તમારી સાચી હો.' દીર્ઘ નિશ્વાસ મૂકી શોભનાએ કહ્યું.

'બસ ત્યારે, **પીપળ પાન ખરંતા, હસતી કૂંપળિયાં, મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં–ખરૂંને ?** માટે આ વિશે શોક કરવો કે દુઃખ લગાડવું એ ખોટું છે.' ધનંજય શાંતિથી બોલ્યો અને હસી પડ્યો.

શોભના હસી તો ના શકી પણ એનું દુઃખ તો ઘણું ઓછું થઇ ગયું.*

---

* લેખકના 'રણમેદાને રૂમઝુમલાલ' ગ્રંથમાંથી સાભાર ઉધ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનું અમૃત–મૃત્યુ

સંપાદક : **મનસુખલાલ તા. મહેતા**

સંપાદકીય નોંધ :

ગયા એપ્રિલ માસમાં જૈન આત્માનંદ સભાના પ્રમુખ શ્રી. ખીમચંદ ચાંપશી શાહને ભાવનગરના તેમના નિવાસસ્થાને મળવા ગયો ત્યારે સૌથી પ્રથમ તો મેં તેમની તબિયતના ખબર પૂછ્યાં. હસતાં હસતાં તેમણે કહ્યું, 'જુઓને ! સત્તોતેર વર્ષ થઈ ગયા છતાં જીવને આ દેહની માયા છૂટી શકતી નથી.' એમણે તો માત્ર રમુજમાં આ ટકોર કરેલી, પણ આ ટકોરે મને વિચારતો કરી મૂકયો.

અસહ્ય દર્દ અને વેદનાથી પીડાતા માણસને પણ, તેની ઉંમર ગમે તેટલી થઈ હોય તો પણ મૃત્યુ ગમતું નથી. દેહ-પુદ્‌ગલનું સ્વરૂપ સમજાવતાં આપણે ત્યાં કહ્યું છે કે, **पूरणगलनस्वभावः पुद्गलः** (પૂરાવું–મળવું–ગળી જવું–વિખરાઇ જવું એ જેનો સ્વભાવ છે તે પુદ્‌ગલ અર્થાત્ આપણો દેહ.) જીવનનાં અંતિમ સમયે આરાધના કરાવતાં આપણા સાધુ સાધ્વી આપણને સંભળાવે છે કે **एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ....संजोग–मूला जीवेण पत्ता–दुःख–परंपरा**...ઇત્યાદિ. અર્થાત્ હું એકલો છું, મારું કોઇ નથી, હું કોઇનો નથી...મારા જીવે દુઃખની પરંપરા કર્મ સંજોગને લીધે જ પ્રાપ્ત કરેલી છે... ઇત્યાદિ. પરંતુ આ બધું તો બાળક જ્યારે ઘોડિયામાં ઝૂલતું હોય છે ત્યારથી તેને સમજાવવા પ્રયત્નો કરવા જોઇએ. માણસ કાદવમાં પડીને તેમાં ડૂબતો ડૂબતો મૃત્યુની નજીક પહોંચી જાય ત્યારે તેને કાદવમાં ડૂબવાની ક્રિયા ખોટી છે એ સમજાવવાનો શું અર્થ ? માનવ માટે મૃત્યુ આશીર્વાદ સમાન છે. મૃત્યુ ન હોત તો અમુક સમયને અંતે આત્માનો વિકાસ અટકી જાત. માણસે મૃત્યુનો લાભ ઉઠાવવા પ્રયત્નો કરવા જોઇએ. દેહના માટે મૃત્યુ એટલે અનંત શાંતિ–ચિરનિદ્રા. ત્યારે આત્મા માટે તો નવો દેહ ધારણ કરવાની તે પ્રાથમિક ભૂમિકા રૂપ છે. અલબત્ત, શરીરના નાશની સાથે ઘણી ખરી ચીજો ચાલી જાય છે, પણ માનવના આત્માને તો તેના કર્મ જ્ઞાન અને પ્રજ્ઞા અનુસાર અવશ્ય નવો જન્મ પ્રાપ્ત થતો હોય છે. શ્રી. રવીન્દ્રનાથ ટાગોરે એક જગ્યાએ કહ્યું છે કે જીવન અને મરણ માતાના સ્તન સમાન છે. "**સ્તન થેકે સ્થાનાંતરે**" એમ બંગાલી ભાષામાં કહ્યું છે. નાનું બાળક માતાના એક સ્તનથી દૂધ ધાવે છે, એનું દૂધ ખલાસ થઇ જતાં માતા બાળકને બીજા સ્તને લઇ ધવરાવે છે–આ રીતે જ માતાના એ સ્તનની પેઠે જીવન અને મરણ આપણને સમાન રીતે પોષણ આપનારાં છે.

કાકાસાહેબ કાલેલકર તેમના 'પરમ સખા મૃત્યુ' પુસ્તકમાં લખે છે કે: "દુનિયા મૃત્યુથી એટલી ગભરાયેલી છે કે મૃત્યુનો પરિચય પામવા સારું, તેનું રહસ્ય સમજવા માટે જેટલું ચિંતન–મનન આવશ્યક છે, તેટલું મનુષ્ય જાતિએ કર્યું જ નહિ. આ ચિંતન–મનન સહેલું તો નથી. મૃત્યુનો ભય અને આકર્ષણ બંને નીકળી જાય પછી જ મનુષ્ય આ ચિંતનને માટે યોગ્ય થાય છે."

આપણે સૌ મોક્ષ–મુક્તિ અર્થાત્ મરણ બાદ જન્મ ન લેવો પડે એ માટે પરમ કૃપાળુ પરમાત્મા પાસે હંમેશાં પ્રાર્થના કરતા હોઇએ છીએ, પણ એ ભૂલી જઇએ છીએ કે આ પ્રકારના જન્મ મૃત્યુના કાયમી ફેરાઓ બંધ કરવા અર્થે મૃત્યુ અનિવાર્ય છે.

'સંસાર' શબ્દનો અર્થ પણ એક સ્થાનેથી બીજે જવું એવો જ થાય છે. 'સમ્' ઉપસર્ગ અને 'સૃ' પ્રકારથી સંસાર શબ્દની રચના કરવામાં આવી છે. **સંસરણશીલઃ સંસારઃ** સંસરવું–વહેવું, એક સ્થાનેથી અન્ય સ્થાને જવું એજેનો સ્વભાવ–તે સંસાર. મૃત્યુનો અર્થ જે સાચી રીતે સમજી શકે તેજ જીવન કેમ જીવવું એ જાણી શકે છે. મૃત્યુનો અર્થ સદાકાળ માટે જીવનનો અંત 'એમ કરવાને બદલે મૃત્યુનો અર્થ જીવ માટે નવો દેહ પ્રાપ્ત કરવા માટેનું પ્રયાણ' એમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવો જોઇએ. આપણે ત્યાં યાવત્કથિક અનશન (મરણ પર્યંત આહારનો ત્યાગ)ની યોજના છેજ. માનવદેહ આપણને ત્યાગ–તપ–સંયમને અર્થે પ્રાપ્ત થયો છે. પણ આ કાર્ય માટે દેહ તદ્દન અશક્ત બની જાય તો અનશનના માર્ગ દ્વારા મૃત્યુ આપણને પકડી આવે તેને બદલે, તેની સામે જઈ તેને પકડી લેવાનું આપણા માટે શકય છે. આવું મૃત્યુ આપઘાત નથી પણ એ તો સર્વોત્કૃષ્ટ–વિરલ મૃત્યુ છે. **जातस्य हि ध्रुवो मृत्युः** જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે–આ બધું જાણતાં હોવા છતાં મૃત્યુને દૂર હડસેલવા આખરી માંદગી વખતે પણ ડોકટરો અને દવાની પાછળ આપણે ગાંડા ઘેલા થઈ જઈએ છીએ. મૃત્યુને ઇચ્છવું એ ઉચિત નથી, પણ તેમ છતાં મૃત્યુ પ્રત્યે આપણે નિર્ભય દૃષ્ટિ કેળવવી જોઈએ. જન્મ અને લગ્નને આપણે મંગળ કાર્યો માનીએ છીએ, પણ મૃત્યુને તો સર્વોચ્ચ મંગળની દૃષ્ટિએ જોવું જોઈએ, કારણ કે નવા જન્મની પ્રાપ્તિ સાથે આપણા આત્માનો વિકાસ નવેસરથી શરૂ થાય છે. મૃત્યુ એ પણ જીવનનો એક મહા આનંદનો મંગલ પ્રસંગ છે એમ સૂચવતો યુનાનના મહાન દાર્શનિક સુકરાત જેને જેલમાં ઝેર પીને મરવાની સજા થઇ હતી તેના જીવનની અંતિમ પળોનો વિચાર–તેના જ શબ્દોમાં નીચે આપવામાં આવેલ છે. —સંપાદક

*અધ્યાત્મશાસ્ત્ર વિષે જેણે સાધારણ પણ અભ્યાસ* કર્યો છે એ ચોક્કસ મૃત્યુની ઇચ્છા સેવવાનો, પરંતુ મારા કથનનો ભાવાર્થ એ નથી કે એવી વ્યક્તિ આત્મહત્યા કરે, આત્મહત્યા તો પાપ છે. મનુષ્ય એક એવા પ્રકારના કેદખાનામાં છે, જ્યાંથી પોતાની મેળે છૂટી જવું કે નાશી જવું યોગ્ય નથી. ભગવાન આપણો રક્ષક છે–મહાન છે અને આપણે માનવી એની સંપત્તિ છીએ. જ્યાં સુધી પરમાત્માની આજ્ઞા ન મળે ત્યાં સુધી આપ મેળે પોતાના જીવનનો અંત લાવવાનો મનુષ્યને અધિકાર નથી.

શરીરમાંથી આત્માનું નીકળી જવું એનું નામ મૃત્યુ છે. શરીર અને આત્મા ભિન્ન થતાં, બંને સ્વતંત્ર બની જાય છે. મૃત્યુથી અનિત્ય અંશ ભરાઇ જાય છે, જ્યારે નિત્ય અંશ દેહથી જુદો પડી, જેમનો તેમ રહે છે. તત્ત્વ જ્ઞાનીના અભ્યાસનો વિષય આ જડ શરીર નથી. એ સંભવ હોય ત્યાં સુધી, આત્માને જ પોતાનું લક્ષ્ય માને છે. એનુ સંપૂર્ણ ધ્યાન–જ્ઞાન આત્મા પ્રતિ જ કેન્દ્રિત હોય છે.

જ્યાં સુધી સ્થૂલ શરીરનું આવરણ રહેશે ત્યાં સુધી આપણે મૂળસ્થાનક–અનંત બ્રહ્મની પાસે કદી નહિ પહોંચી શકીએ. શરીરની આળપંપાળ કરવામાં આપણો ઘણો સમય વહ્યો જાય છે, કારણ કે સ્થૂલ શરીરની રક્ષા માટે એ જરૂરી છે. જો શરીરને કોઈ પીડા થઇ કે શરીર રોગગ્રસ્ત બને તો જ્ઞાન પ્રાપ્તિમાં અવરોધક બની જાય છે. શરીરની સાથે આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક (ક્લેશાદિ) વિગેરે નાનાં પ્રકારના દુઃખો લાગેલાં છે. શરીરને રાત દિવસ રોગ, શોક, પરિતાપ, બંધન, વ્યસન વિગેરેની ઇચ્છા અને વાસનારૂપી તરંગોથી વ્યાકુળ રાખ્યા જ કરે છે. અનેક પ્રકારના ભય અને સંશય વડે મૂઢ બની રહીએ છીએ. આ ઉપાધિઓને સાથે લઇ ફરતા 'સત્યજ્ઞાન'નો અનુભવ કયાંથી થાય ? સત્યજ્ઞાન તો દૂર રહ્યું પરંતુ આ ઉપાધિઓને કારણે લડાઇ–ઝઘડા, માર–ફાડ, ખૂન–લૂંટ, યુદ્ધ વિગેરે થાય છે.

જે મહાયાત્રા માટે હું તૈયાર થયો છું તેનું અંતિમ સ્થાન મારા માટે ભારે સુખસ્થાન હશે અને અહીં હું જે ચીજોની ઇચ્છા સેવતો રહ્યો એ મને ત્યા અનાયાશે જ પ્રાપ્ત થશે જો પરિપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા રહી હશે તો એ પૂર્ણ જ્ઞાન મને એ લોકમાં પ્રાપ્ત થશે. એટલે અત્યંત આનંદ પૂર્વક હું એ મહાપ્રસ્થાન માકે તૈયાર બેઠો છું. અને પ્રત્યેક વ્યક્તિ જેનું મન શુદ્ધ થઇ ગયું છે એ ચોક્કસ સહર્ષ મૃત્યુને ભેટવા તૈયાર જ રહેશે.

સાચો જ્ઞાની હંમેશા મૃત્યુની રાહ જોતો રહે છે અને સંસારની અન્ય વ્યક્તિ કરતાંએ મૃત્યુથી અતિ અલ્પ ભય પામે છે. જ્ઞાની માણસ શરીરને શત્રુ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માને જ બાધક ચાહે છે. એ તો ખરી મૂર્ખતા કહેવાય કે જ્યારે આ શત્રુના હાથમાંથી છૂટા થવાનો સમય આવે ત્યારે ખુશ થવાને બદલે રડવા બેસી જાય? એક તો શત્રુથી છૂટકારો મળ્યો અને બીજું જે જ્ઞાન પ્રાપ્તિ માટે જન્મભરની પ્રબળ આકાંક્ષા હતી, અને હવે જ્યાં એની એ ઇચ્છા પૂર્ણ થાય એવી જગ્યાએ જવાનો અવસર આવ્યો છે ત્યારે એ આનંદનો પ્રસંગ છે કે દુઃખનો? મૃત્યુ વેળાએ જેને તમે રોતા-કકળતા ને માથું કૂટતા જુઓ છો, એ સાચા જ્ઞાનની ઇચ્છાવાળા નથી. એ માત્ર જડ-પિંડના મોહમાં ફસેલા છે કે પછી ધન-સંપત્તિ અને માન-પ્રતિષ્ઠાની ઇચ્છા સેવવાવાળા છે.

જે ધર્મનો જ્ઞાન સાથે સંબંધ નથી એ ધર્મ નથી, ધર્મની વિડંબના માત્ર છે, કારણ કે એવા ધર્મમાં નથી સ્વતંત્રતા, નથી તન્દુરસ્તી અને નથી સત્ય. સાચો ધર્મ તો આ બધાના શુદ્ધ સ્વરૂપમાં છે અને સંયમ, ન્યાય, વિવેક, સાહસ અને સર્વોપરી જ્ઞાન જ એને શુદ્ધ કરનારું તત્ત્વ છે.

કાળાનુકાળથી એવી એક માન્યતા ચાલી આવી છે કે, આ જગતને છોડી આત્મા પરલોકમાં જાય છે અને ફરી એ આત્મા પુનર્જન્મ ધારણ કરે છે, એટલે કે એક શરીરમાંથી નીકળી બીજા શરીરમાં પ્રવેશ કરે છે. તાત્પર્ય એ કે મડદાંમાંથી જીવતાં પેદા થાય છે. આપણો આત્મા જન્મ લેતા પહેલાં હતો અને માનવ શરીરમાં પ્રવેશ કરતાં પહેલાં જ્ઞાન સંપન્ન હતો.

જ્યારે આત્મા શરીર સાથે મળીને સત્યની શોધમાં લાગે છે એટલે કે જ્યારે આંખ, કાન, નાક અને અન્ય કોઇ ઇંદ્રિયો દ્વારા સત્ય જ્ઞાનની શોધ કરવા ઇચ્છે છે ત્યારે એ ક્ષણજીવી વસ્તુઓ પ્રતિ ખેંચાઈ જાય છે, અર્થાત્ બુદ્ધિ આ નાશવંત, હંમેશાં બદલતી જતી ચીજોમાં ભ્રમણ કરવા લાગે છે અને એકમત વાલા આંધળા મનુષ્યની જેમ અંધારામાં ભટકતી ફરે છે. એનો વિવેક ભ્રષ્ટ થઇ જાય છે. કારણ કે અનિત્ય વસ્તુઓના સંસર્ગનું એ જ ફળ છે, પરંતુ જ્યારે એ સ્વસ્થ ચિત્તે આત્મિક ભાવે આ શોધ પ્રતિ વળે છે ત્યારે એ શુદ્ધ નિર્મળ, નિત્ય અને અવિનાશી પદાર્થની પાસે જઇ પહોંચે છે, જ્યાં આત્માની શુદ્ધ સત્તા છે. અને ત્યારે એ અનંતકાળના ભ્રમણમાંથી છૂટીને આ શુદ્ધ સત્તામાં નિવાસ કરવા લાગે છે. આત્મા નિત્ય અને અવિનાશી પદાર્થો સાથે જ સમાનતા રાખે છે.

આત્મા શુદ્ધ, દેવી, નિત્ય, પૂર્ણ, અવિનાશી, અવિચ્છિન્ન, અમિશ્રિત અને સનાતન છે, જ્યારે શરીર વિનાશી, અપૂર્ણ, મિશ્રિત અને પરિવર્તન પામવાના સ્વભાવ વાળું છે. ઝડપથી છિન્નભિન્ન થઇ નાશ પામવાનો શરીરનો સ્વભાવ છે. જે આત્મા પોતાના જીવન કાળમાં શરીરના ભોગોમાં લિપ્ત નથી થતો, એમાં મૃત્યુ વેળા એ શરીરના મળનો જરા જેટલોએ ડાઘ પણ નથી હોતો, કારણ કે એ મળ પૂર્ણ પદાર્થોથી જન્મભર ઘૃણા કરતું રહ્યું છે, અને સદાકાળ પોતાનામાં જ રહેવાનો પાઠ ભેવડાવતું રહ્યું છે.

શરીર છોડતાં સમયે શુદ્ધ ન રહેનાર અને ઇંદ્રિયોની વાસનામાં જ રમમાણ રહેનાર અને શરીરને માત્ર એક ઉપાસનીય સમજનાર તથા શબ્દ, સ્પર્શ રૂપ, રસ, ગંધ તેમજ આહાર-નિદ્રા-મૈથુનમાં હંમેશા ઓતપ્રોત રહેનાર. અદૃશ્ય આત્મસત્તા અને માત્ર જ્ઞાન અને બુદ્ધિ દ્વારા સમજી શકાતા બ્રહ્મજ્ઞાનથી સો હાથ દૂર ભાગનાર આત્મા, શરીર છોડતી વેળાએ કદી નિર્મળ અને શુદ્ધ નથી રહી શકતો. હંમેશા જડ શરીરની જ ઉપાસનાના ભારના કારણે આત્મા દબાઇને ફરી એ દૃશ્યમાન જગતમાં ખેંચાઇ જાય છે. આનું કારણ એ છે કે અદૃશ્ય જગતથી એને ભય લાગે છે અને એ સ્મશાનમાં ભટકતો રહે છે. સ્મશાનમાં કયારેક કોઈ એની ભટકતી છાયાને જોઇ પણ લે છે. આ એ આત્માઓની છાયા-ભૂત હોય છે જે મૃત્યુકાળે અશુદ્ધ હતી.

જે લોકો આ જીવનમાં બેફામપણે વ્યભિચાર કરે છે કે દારુ પીએ છે એ ગધેડા કે એવી કોઈ નીચ યોનિમાં જન્મે છે. જે લોકો અન્યાય, અત્યાચાર, લૂંટ, ખૂન વિગેરે કરે છે તેઓ કોઈ ચીલ, બાજ કે બેટાંની યોનિમાં જન્મે છે. પાપીઓનો આત્મા ગમે ત્યાં જાય પરંતુ એમને એમના સ્વભાવ પ્રમાણે શરીર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધારણ કરવું પડે છે. દેવતાઓનું શરીર માત્ર જ્ઞાનનો પ્રેમી કે મરતી વેળાએ જેનો આત્મા શુદ્ધ રહેતો હોય છે તેમને જ મળે છે. એટલે સાચા જ્ઞાની સંયમી હોય છે અને દેહાદિ સુખ ભોગમાં નથી ફસાતા. 'સત્યજ્ઞાની' શુદ્ધ અને શૂરવીર હોય છે. જ્ઞાનીનો આત્મા જાણે છે કે મોક્ષ પ્રાપ્ત કરવો એ જ એનું કર્તવ્ય છે. જ્ઞાનના બળ વડે રાગ દ્વેષ રૂપી બંધનમાંથી છૂટેલો આત્મા ફરી ન ફસાઈ જાય એ અંગે પણ તે સાવચેત અને જાગૃત રહે છે.

મનુષ્યે પોતાના આત્મા પ્રત્યે પૂર્ણ સંતોષ રાખવો જોઈએ. એણે શારીરિક કે ઇંદ્રિય સુખો નથી ભોગવ્યા તો શું થયું? એ સુખો ભોગવવામાં તો એને દુઃખ જ પ્રાપ્ત થવાનું હતું. આવા સુખોને તુચ્છ માનીને જો એ વિદ્યા અને જ્ઞાનમાં ડૂબ્યો રહે, પોતાના આત્માનો શૃંગાર, સાહસ, સત્ય, ન્યાય અને સંયમથી કરતો રહે, પરલોક યાત્રા માટે આનંદથી તૈયાર બેસી રહે તો પછી એને બીજું જોઈએ પણ શું?

મને સંતોષ થશે કે જે કંઈ મેં કહ્યું છે એ પ્રમાણે તમારા જીવનને પુનઃ નિર્માણના સુધારણાના માર્ગે વાળી દો. હવે વિષપાન કરવામાં મારે નકામું મોડું ન કરવું જોઈએ. હું મોડું કરીને ઝેર પીશ તો કંઈ લાભ તો થશે નહિં. માત્ર એટલું જ કે એ પ્રાણને જકડીને થોડી વાર બેઠો રહીશ. અને જેની મર્યાદા પૂરી થઈ ચૂકી છે એને વધુ વાર રોકી ઘૃણા પાત્ર બનીશ.

ઝેર પીતાં પહેલાં હું મારા ભગવાનની પ્રાર્થના કરવાનું અવશ્ય યોગ્ય માનું છું, કારણ કે એથી મારી આ મહાયાત્રા નિર્વિઘ્ન સમાપ્ત થઈ જાય. બસ, આ જ મારી અંતિમ પ્રાર્થના છે.

મારા વહાલાંઓ! વિલાપ ન કરો, એટલા માટે તો મેં સ્ત્રીઓને અહિં હાજર નથી રહેવા દીધી કે જેથી રોકકળ ન કરે અને હું શાંતિથી મરી શકું. મેં સાંભળ્યું છે કે મૃત્યુ સમયે માણસે ભારોભાર શાંતિમાં જ મરવું જોઈએ. તમે બધા શાંત થઈ જાવ અને ધીરજ ધરો. હવે મને રજ માત્ર પીડા પણ થતી નથી. શરીર સખ્ત અને ઠંડુ બની રહ્યું છે. એ ઠંડી જ્યારે મારા હૃદયને ઘેરી વળશે ત્યારે મારું મૃત્યુ થશે. વિદાય......!

## સભાનો વાર્ષિક ઉત્વસ


આ સભાનો ૭૮ મો વાર્ષિક ઉત્સવ ઉમંગપૂર્વક જેઠ સુદી ૨ ગુરૂવાર તા. ૨૩-૫-૭૪ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સભાના લાઇબ્રેરી હોલમાં સવારના ૧૦ કલાકે રાગ રાગણીથી પૂજા ભણાવવામાં આવી હતી. સારી સંખ્યામાં ભાઇઓએ હાજરી આપી હતી અને પ્રભાવના પણ કરવામાં આવી હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# .... સન્માન-સમારંભનો અહેવાલ ....



જમણી બાજુ : (૧) સભાના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદભાઈ શેઠશ્રી વાડીલાલભાઈને સન્માનપત્ર અર્પણ કરે છે.
ડાબી બાજુ : (૨) સન્માન-પત્ર અંગે થયેલી સભામાં હાજર રહેલ સમુદાયનું એક દૃશ્ય.

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી તા. ૨-૬-૭૪ ને રવિવારના રોજ શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી જે. પી.ને સન્માન પત્ર અર્પણ કરવાનો એક સમારંભ યોજવામાં આવ્યો હતો. સમારંભનું પ્રમુખસ્થાન શેઠશ્રી પન્નાલાલ લલ્લુભાઈ પટણી મહુવાવાળાએ સ્વીકાર્યું હતું. આ સમારંભમાં જૈન સંઘના આગેવાનો, વિદ્વાનો તેમજ જૈન જૈનેતર સમાજના ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

શરૂઆતમાં કુ. અરૂણાબેન તથા કુ. જ્યોતિબહેને સસ્કૃતમાં મંગળ શ્લોકો સુમધુર રાગમાં ગાયા હતા. ત્યારબાદ મહિલા કોલેજના સંગીતના પ્રાધ્યાપક શ્રી. બાપોદરાભાઈ તથા મહિલા કોલેજની વિદ્યાર્થિની કુ. મીનલ ભટ્ટે સુમધુર સુરાવલી રેલાવી હતી.

ત્યારબાદ શ્રી જૈન આત્માનંદ સભાના ઉપપ્રમુખ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ સૌનું હાર્દિક સ્વાગત કર્યું હતું, અને આજના સમારંભના પ્રમુખ શ્રી પન્નાલાલભાઈની ધાર્મિક શ્રદ્ધા અને ધાર્મિક તેમજ સામાજીક ક્ષેત્રે તેમની ઉદારતાની પ્રશંસા કરી હતી. જે વ્યક્તિને સન્માન પત્ર આપવાનું છે તેને યોગ્ય પ્રમુખ મેળવવા માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

ત્યારબાદ સ્વાગત પ્રવચન કરતાં તેઓએ જણાવ્યું કે, જેનાં જીવનમાં સેવા અને ઉદારતાની ભાવના તાણા-વાણાની જેમ વણાયેલ હોય તેમને જ માનપત્ર અર્પવાની ભાવના જાગ્રત થાય છે. વાડીભાઈનાં જીવનમાં આવી સુવાસ અનેક પ્રકારની ભરેલી છે. તેથી તેમનાં ગુણોનું બહુમાન કરવા અમોએ આ માનપત્ર આપવાનો નિર્ણય કર્યો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વાડીલાલભાઇએ ધાર્મિક, સામાજીક, કેળવણી વિષયક અને રાષ્ટ્રીય એમ દરેક ક્ષેત્રે ઉદાર દિલથી લક્ષ્મીનો સદ્ઉપયોગ કર્યો છે. જાણવા મુજબ તેમની એવી ઉદારતાનો આંક લાખો રૂપિયાનો થાય છે.

અત્રે હાલમાં સરદારનગરમાં આપણાં જૈન સંઘે બનાવેલ કલાત્મક ભવ્ય દેરાસરમાં તેમજ પ્રતિષ્ઠામાં તેઓએ સારી ઉદારતા બતાવી લક્ષ્મીનો સદ્ઉપયોગ કર્યો છે અને પ્રતિષ્ઠા મહોત્સવને વધારે દીપાવ્યો છે.

પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે જૈનોના ત્રણે ફિરકાની સ્વામિભક્તિ કરી હતી. જે અનુમોદનીય છે.

શ્રી જૈન કોન્ફરન્સનું નાવ જ્યારે ઝોલા ખાઇ રહ્યું હતું ત્યારે સતત મહેનત અને જાગ્રતિપૂર્વક કોન્ફરન્સમાં નવું જોમ લાવવામાં તેમણે ભારે પુરુષાર્થ કર્યો હતો, અને તે સંસ્થાનાં સેક્રેટરી બની સંસ્થાને પ્રગતિને પંથે મૂકી દીધેલ છે.

ભાવનગરમાં શેઠશ્રી ભોગીલાલભાઇએ બીજા ઘણાં ક્ષેત્રો ઉપરાંત ખાસ કેળવણીની સંસ્થા ઉભી કરવામાં લક્ષ્મીનો સારી રીતે સદ્ઉપયોગ કર્યો છે, તેવી રીતે વાડીલાલભાઇએ પણ સ્ત્રી કેળવણીની જાણીતી સંસ્થા મહિલા કોલેજમાં તેમનાં પૂજ્ય માતુશ્રી નર્મદાબાઇનું નામ આપી એ સંસ્થાને મોટી રકમની સહાય કરી છે. હજુ પણ તે સંસ્થાના વિકાસમાં તન, મન, ધનથી સેવા આપી રહેલ છે. હાલ એ સસ્થા એક આદર્શ સ્ત્રી કેળવણીની સંસ્થા તરીકે પ્રખ્યાત છે. સંસ્થાનાં સદ્ભાગ્યે પ્રો. શ્રી. ખીમચંદભાઈ ચાંપશી શાહ અને જાણીતાં અધ્યાપક શ્રી જયેન્દ્રભાઇ ત્રિવેદી જેવા આદર્શ કાર્યકર મળ્યા છે. જેથી આ કોલેજ ઉત્તરોત્તર વિકાસ પામી રહેલ છે. સહશિક્ષણમાં સમાજને રસ મોટા ભાગે નથી હોતો. જ્યારે આ મહિલા કોલેજ કન્યાઓ માટે જ સ્વતંત્ર હોવાથી ઘણી મોટી સંખ્યામાં કન્યાઓ લાભ લે છે.

તેમનાં જીવનમાં અનુકરણીય અને ધ્યાન ખેંચે તેવી એ હકીકત છે કે, ધંધાદારીની મોટી પ્રવૃત્તિઓ વચ્ચે પણ કલાકોનાં કલાક ધર્મધ્યાનમાં પૂજા, સામાયિક, ધ્યાન અને નવકાર મહામંત્રના જાપમાં નિયમિત રચ્યાપચ્યા રહે છે. તે રીતે તેમની ધાર્મિક શ્રદ્ધા અનુકરણીય છે.

તેઓશ્રીને અપાતા આ માનપત્રમાં પૂજ્ય ગુરુદેવ આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનાં મંગળ આશિર્વાદ ભરેલા છે. તો વાડીલાલભાઇ એમનાં જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે અને સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ ભોગવે એવી શુભેચ્છા.

ત્યારબાદ આત્માનંદ સભાના મંત્રી શ્રી કાન્તિલાલ દોશીએ અત્રેનાં જૈન સંઘના પ્રમુખ શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ શાહનો શુભેચ્છાનો સંદેશો વાંચી સંભળાવ્યો હતો જે નીચે મુજબ છેઃ—

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ભાઇશ્રી વાડીભાઈને માનપત્ર આપવાનો સમારંભ તા ૨ જીને રવિવારે શ્રી પન્નાલાલ લલ્લુભાઇ પટ્ટણીના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો છે, તે માટેનું તમારૂં આમંત્રણ મળ્યું. દાદરા ચડવાની મુશ્કેલીને લીધે સમારંભમાં હાજર રહી શકીશ નહિ પણ આ સંદેશો મોકલું છું.

ભાઇશ્રી વાડીભાઇએ તાજેતરમાં સરદારનગરના નૂતન દેરાસરની સ્થાપનામાં જે અગ્રભાગ લીધો છે તે પછી તરત આવું બહુમાન કરવામાં આવે તે યોગ્ય જ છે. ભાઈશ્રી વાડીભાઈ મારા મિત્ર છે એટલું કહું તો અધૂરૂં ગણાય. તે તો મારા નાનાભાઈ સમા છે અને અમારો આવો નિકટનો સંબંધ જોતાં તેમની પ્રશંસા કરૂં તે જરા અનુચિત લાગે છતાં તેમના અંગે થોડું કહેવા વિના રહેવાય તેવું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી વાડીભાઇ ભાવનગરના સપૂત છે. વેપાર ધંધા અંગે ભલે મુંબઈ વસતા હોય પણ વતનને વિસર્યા નથી. મુંબઇમાં વેપાર ઉદ્યોગમાં અને સામાજિક તથા રાજકીય ક્ષેત્રમાં તેમણે પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી આગવી ભાત પાડી છે. શિક્ષણ ક્ષેત્રે તેમજ ધાર્મિક ક્ષેત્રે તેમણે દાનનો પ્રવાહ વહેવરાવ્યો છે. ભાવનગરમાં પણ મહિલા કોલેજની ખોટ તેમની ઉદાર સખાવતથી પૂરાઈ છે અને એરોપ્લેનમાં મુંબઇથી ભાવનગર આવનારને શહેરમાં પ્રવેશ કરતાં જ તેમનું આ સર્જન જોવા મળે છે. તેમની બધી પ્રવૃત્તિઓ વિશે કહેવાનો અત્યારે પ્રસંગ નથી.

આત્માનંદ સભા તેમને આ રીતે માનપત્ર આપે છે તે યોગ્ય જ છે અને હું તમારા સહુની સાથે જોડાઉં છું.–એવી શુભેચ્છાઓ સાથે કે શ્રી વાડીભાઈ હજી વધારેને વધારે સેવા કરવા માટે લાંબુ તંદુરસ્ત આયુષ્ય ભોગવે.

ત્યારબાદ આત્માનંદ સભાનાં પ્રમુખ શ્રી ખીમચંદભાઇ ચાંપશી શાહ જેમની તબીયત નરમ હોવાથી હાજર રહી શકયા નહોતા તેમણે લખી મોકલાવેલ ટૂંકુ પ્રવચન શ્રી કાન્તિલાલભાઇએ વાંચી સંભળાવ્યું હતું. જે નીચે મુજબ છે :—

આજે શેઠશ્રી વાડીલાલભાઇનો સન્માન–સમારંભ અમારી સભા તરફથી થાય છે તેથી મારૂં મન આનંદ મગ્ન થાય છે. કેમકે યોગ્યનો યોગ્ય રીતે સત્કાર થઇ રહ્યો છે.

મારી તબીયત છેલ્લા બાર માસથી નરમ રહેતી હોવાથી આ પ્રસંગે પ્રબળ ઇચ્છા હોવા છતાં હાજર રહી શકતો નથી તેનું મને દુ:ખ છે.

શ્રી જૈન આત્માનંદ સભા લગભગ આઠ દસકાથી જૈન સમાજમાં કામ કરી રહી છે. તેણે જૈન ધર્મ અને સંસ્કૃતિના અમૂલ્ય ગ્રન્થો સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધિ વગેરે ભાષામાં ૨૦૦ ઉપરાંતની સંખ્યામાં પ્રગટ કર્યા છે અને જગતના વિદ્વાનોમાં નામના મેળવી છે. વળી વિશ્વવિખ્યાત પૌર્વાત્ય વિદ્યાની સંસ્થાઓ સાથે સારા સંબંધો કેળવ્યા છે. જૈન સાહિત્ય ક્ષેત્રે આ મહામૂલી સિદ્ધિ અને સેવા ગણી શકાય તેવી છે. અલબત આ સભા આવું સુંદર કાર્ય કરી શકી છે તેનો પ્રતાપ પરમ પૂજ્ય ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ અને તેમના પરિવારનો છે. અને તેમાં પણ ખાસ કરીને આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ સ્વ. પુણ્યવિજયજી મહારાજની કૃપા તો આ સભા કદાપિ ભૂલી શકે તેમ નથી.

**गुणिषु प्रमोदः**—આ સભાનો એક હેતુ એવો પણ છે કે આ સભાનો કોઈ સભ્ય સારૂં કાર્ય કરે અથવા કોઈ ઇચ્છનીય પદવી પ્રાપ્ત કરે તો તેને અભિનંદન આપવા સન્માન–સમારંભ યોજવા. આવા પ્રસંગો આનંદદાયી અને પ્રેરણાત્મક બની જાય છે. અગાઉ આવી રીતે રાયબહાદુર સીતાબચંદજી નાહર, શેઠ મનસુખલાલ ભગુભાઇ, શેઠશ્રી હઠીસંગ ઝવેરભાઇ, રાયબહાદુર વિજયસિંહજી દુધેડિયા, શેઠશ્રી દેવકરણ મુળજીભાઇ, શેઠશ્રી ભોગીલાલ મગનલાલ, શેઠશ્રી મોહનલાલ તારાચંદ, શેઠશ્રી ફતેચંદ ઝવેરભાઈ વગેરેને સન્માનપત્રો આપ્યા છે. આજે ભાવનગરના વતની અને આ સભાના પેટ્રન શેઠશ્રી વાડીલાલભાઇ ચત્રભુજ ગાંધીનું તેમના ધર્મપ્રેમ અને સમાજ કલ્યાણની ભાવનાથી પ્રભાવિત બનીને આ સન્માનપત્ર અર્પતા ખૂબ હર્ષ થાય છે.

તેઓ સામાન્ય વેપારીમાંથી જથ્થાબંધ વેપારી અને છેવટે ઉદ્યોગપતિ બન્યા. ધંધામાં જેમ જેમ સફળતા સાંપડતી ગઈ તેમ તેમ લક્ષ્મી પણ મળવા લાગી છતાં લક્ષ્મીનું અભિમાન તેમને ચડયું નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ તેમણે લક્ષ્મીનો અમુક ભાગ ધર્મ અને સમાજ કલ્યાણકારી કાર્યોમા વાપરવા માંડ્યો. દાનથી શુદ્ધિ થાય છે એ સૂત્ર તેમણે પચાવી લીધેલું છે, એમના દાન કેળવણી અને આરોગ્ય તથા ધાર્મિક ક્ષેત્રોમાં ખાસ કરીને છે.

ધાર્મિક ક્ષેત્રે પણ તેઓ સારો એવો પૈસો વાપરે છે. હમણાં જ ભાવનગરના સરદારનગર જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે તેમણે સારી એવી રકમ વાપરી લાભ લીધો છે.

તેઓ ખૂબ પ્રવૃત્તિશાળી હોવા છતાં સામાયિક, પ્રતિક્રમણ, દેવપૂજા વગેરે ધાર્મિક ક્રિયા નિયમિત હમેશા કરતા રહે છે.

તેમના પત્ની શ્રીમતી ભાનુમતી બહેન ખૂબ ધર્મશ્રદ્ધાળુ, સાદા અને વિવેકશીલ છે. તેમના પુત્રો શ્રી મહેશભાઇ વગેરે પણ ધર્મના અનુરાગી છે.

હું શેઠશ્રી વાડીલાલભાઇને સ્વાસ્થ્ય સહિત દીર્ઘાયુષ્ય ઇચ્છું છું અને તેમના હૃદયમાં ધર્મ પ્રેમ અને સમાજ કલ્યાણની જ્યોત સદા જલતી રહે અને તેમના શુભ હસ્તે દિવસે દિવસે પુણ્યાનુબંધી શુભકાર્યો વિશેષ ને વિશેષ થતા રહે એવો આશીર્વાદ આપું છું.

ત્યારબાદ આત્માનંદ સભાના મંત્રી શ્રી હીરાલાલ ભાણજી શાહે સન્માન-પત્રનું વાંચન કર્યું હતું જે નીચે મુજબ છેઃ—

**દાનવીર ધર્મપ્રેમી શેઠશ્રી વાડીલાલભાઇ ચત્રભુજ ગાંધી.** જે પી

આપની ધર્મ પ્રત્યેની ઊંડી શ્રદ્ધા, સાધર્મિક બંધુઓની ઉન્નતિ માટેના તીવ્ર પ્રયાસો, અને સમાજ તથા દેશના કલ્યાણની શુભ ભાવના વગેરે ગુણોથી આકર્ષાઈ અમો આપને આ સન્માન-પત્ર અર્પણ કરવા પ્રેરાયા છીએ અને તે બદ્દલ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

ધર્મપ્રિય સેવાભાવી અને સંસ્કારી કુટુમ્બમાં જન્મ પામીને આપે આપના પૂર્વજોના પુણ્યકાર્યોમાં સારી રીતે વધારો કરીને સમસ્ત સમાજમાં ગાંધી-પરિવારની કીર્તિ પ્રસરાવી છે.

આપના પૂજ્ય પિતાશ્રી પાલીતાણામાં શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમની સ્થાપના અને વિકાસ પાછળ પુષ્કળ પરિશ્રમ કરી એક નમૂનેદાર સંસ્થા બનાવવામાં સહાયભૂત થયા હતા. પિતાના પગલે ચાલી આપે પણ જૈન તેમજ સાર્વજનિક સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં તન-મન-ધનથી અગ્રભાગ લીધેલ છે.

શહેર ભાવનગરમાં સામાન્ય અભ્યાસ કરી નાની ઉમ્મરેજ મુંબઈ જઇને છુટક કાપડના વેપારમાં આપે ઝંપલાવ્યું અને ભવ્ય પુરુષાર્થ અને ભારે વેપારી કુનેહના પરિણામે ઉત્તરોત્તર પ્રગતિ કરી આજે આપ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝના કર્ણધાર બન્યા છો. કાપડ, રસાયણ અને આયાત-નિકાસ વ્યાપારમાં આપના માર્ગદર્શન નીચે કામ કરતા ઉદ્યોગો અને કંપનીઓએ નોંધપાત્ર પ્રગતિ કરી છે. આપના પુરુષાર્થનો આ આખો ઇતિહાસ ભારે રોમાંચક અને સાહસપૂર્ણ છે.

આપની ઉપર નાની ઉમ્મરથીજ મહાત્મા ગાંધીજીના વિચારોનો પ્રભાવ પડ્યો હતો અને આપે સત્યાગ્રહ આંદોલનોમાં ભાગ લીધો હતો. તે સમયે ખૂબ નફો આપતો પરદેશી કાપડના વેચાણનો ધંધો ન કરવાની આપે પ્રતિજ્ઞા લીધી હતી, અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપ્યું હતું. સ્વરાજ્ય મળ્યા પછી રાષ્ટ્રીય ક્ષેત્રે આપની સેવાઓ સરકારે વિવિધ સમિતિમાં લીધી. મહારાષ્ટ્ર વિધાનસભામાં ચેમ્બુર મતવિસ્તારમાંથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપ ચૂંટાઈ આવ્યા અને એ વિસ્તારના લોકોનું સુયોગ્ય પ્રતિનિધિત્વ કર્યું. સરકારશ્રીએ આપની સેવાઓની કદરરૂપે આપને જે. પી. બનાવીને બહુમાન કર્યું છે.

પોતાના પુરુષાર્થથી કમાયેલી લક્ષ્મીનો સદુપયોગ કરી ધર્મ, કેળવણી અને આરોગ્યના ક્ષેત્રે આપે ઘણી મોટી સખાવતો કરી આપના ધર્મકાર્યોની સુવાસ ચોતરફ પ્રસરાવેલી છે.

શહેર ભાવનગરમાં સરદારનગરના વિસ્તારમાં આ વર્ષમાંજ ભાવનગરના શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપા સંઘે બનાવેલ ભવ્ય શ્રી શાન્તિનાથ જિનપ્રાસાદના નિર્માણ અને પ્રતિષ્ઠા મહોત્સવમાં આપે ઉદારતાપૂર્વક ફાળો અને સહકાર આપી આ શુભ પ્રસંગને દિપાવેલ છે.

આપ પોતે ધાર્મિક ચિંતનમાં અને ભક્તિમાં સારો વખત લ્યો છો. ધર્મના આ સુસંસ્કારો આપના કુટુમ્બપરિવારમાં પણ સારી રીતે પ્રસરેલા છે.

આપની શુભભાવનાના પરિણામે આપે અનેક સમાજકલ્યાણના કાર્યો કર્યા છે. પાલીતાણાની શ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધી હાઇસ્કૂલ, ઘાટકોપરની શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી ગુરુકુળ હાઈસ્કૂલ, ભાવનગરની શ્રીમતી નર્મદાબાઈ ચત્રભુજ ગાંધી મહિલા કોલેજ વગેરે કેળવણીની ઘણી સંસ્થાઓની સ્થાપના અને વિકાસમાં આપનો ફાળો અનન્ય છે. ઘાટકોપર તેમજ અમરગઢની હોસ્પીટલોમાં આપે ઉદાર સખાવતો કરી છે. નાની મોટી અનેક સંસ્થાઓમાં આપ ટ્રસ્ટી તરીકે પણ સેવા આપી રહ્યા છો.

આપ અમારી આત્માનંદ સભાના પેટ્રન છો અને સભા પ્રત્યે સારી લાગણી ધરાવો છો. અને સંસ્થાના વિકાસમાં રસ લઈ રહ્યા છો એ માટે અમે આનંદ અનુભવીએ છીએ.

આ સન્માન-પત્ર આપનામાં રહેલા ગુણોને વધારે વિકસિત કરવામાં જાગૃત રાખો તેમજ ધર્મની વકીલ તેમજ સમાજની સેવા કરવા આપ આરોગ્ય સાથે દીર્ઘાયુ ભોગવો એ શુભેચ્છા.

**ખીમચંદભાઈ ચાંપશી શાહ**-પ્રમુખ
**ગુલાબચંદ લલ્લુભાઈ શાહ**
**મનસુખલાલ તારાચંદ મહેતા**-ઉપપ્રમુખ
**જાદવજી ઝવેરભાઇ શાહ**
**હીરાલાલ ભાણજીભાઇ શાહ**
**કાન્તિલાલ જગજીવનદાસ દોશી**-માનદ્ મંત્રીઓ

**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

**સંવત ૨૦૩૦ જેઠ શુદ ૧૩ રવિવાર તા. ૨-૬-૧૯૭૪**

ત્યાર બાદ ભાવનગરનાં જાણીતાં ધારાશાસ્ત્રી ભાવનગર વકીલ મંડળનાં પ્રમુખ શ્રી ગુલાબરાયભાઈ સંઘવીએ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આજે શ્રી વાડીભાઇ માટે બોલતા સંકોચ અને ક્ષોભ અનુભવું છું. કારણ કે મારો મુરબ્બી વાડીભાઇ સાથે બે પેઢીનો સંબંધ છે. મારા વડીલ બંધુ વાડીભાઇના અંગત મિત્ર છે અને તે કારણે તેમને માટે બોલતાં સ્વપ્રશંસા જેવું જણાય છે. તે છતા ઔચિત્યનો ભંગ કરી એટલા માટે બોલુ છું કે તેમના કાર્ય અને તેમની શક્તિ માટે બોલવાનું છે. વ્યક્તિ માટે નહિ.

શ્રી વાડીભાઇ અત્યંત કપરા કાળમાં પસાર થઇ પોતે ખંત, અભ્યાસ અને કર્તવ્ય નિષ્ઠાથી આપ બળે આગળ વધી આજે સમાજ તથા શહેરને પ્રેરણા આપી રહેલ છે. તેઓને ભાગ્યે યારી આપી છે તેનો સ્વીકાર કરીએ તો પણ તેઓની ઉદ્યોગ પ્રત્યેની સુઝ તેને લગતા અભ્યાસ, એક દીલ અને તન્મયતા તેમની પ્રગતિમાં કારણભૂત છે. આજ કાયદાનું સ્થાપત્ય એટલુ ફુલ્યુ ફાલ્યુ છે કે કાયદાના સામાન્ય અભ્યાસ સિવાય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉદ્યોગમાં પ્રગતિ સાધી શકાતી નથી. વાડીભાઈનું કાયદાની ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ, લેબર લૉ તથા ઘણું ખરૂં દીવાની કાયદાનું પ્રાથમિક જ્ઞાન છે. અને તે કારણે પણ પોતાનો ઉદ્યોગ સારી રીતે ખીલવી શકયા છે. અને પ્રગતિ સાધી સંપત્તિ પ્રાપ્ત કરી છે. તેમાંથી લોક કલ્યાણના કાર્યમાં, શિક્ષણ કાર્યમાં, કે સામાજીક અને ધાર્મિક કાર્યમાં વાપરી તેમણે ઘાટકોપરમાં અતિ લોકચાહના પ્રાપ્ત કરી છે. તેવી જ રીતે ભાવનગર તથા મુંબઇમાં ઘણી શિક્ષણ, સામાજીક તથા ધાર્મિક સંસ્થાઓમાં અનેક પ્રકારે સહાયભૂત બની યુવાન પેઢીને પ્રેરણા આપી રહ્યા છે.

જૈન આત્માનંદ સભા શ્રી વડીભાઇનું સન્માન કરે છે તે યથોચિત અને અભિનંદનને યોગ્ય છે તેથી વિશેષ શ્રી જૈન આત્માનંદ સભાને અભિનંદન ઘટે છે કારણ કે આ સભાએ જુના ભાવનગર રાજ્યના વખતથી શહેરમાં ચારિત્ર્ય અને સંસ્કારનું ઘડતર કરવામાં અગ્ર ભાગ ભજવ્યો છે અને જ્ઞાતિ સંસ્થા હોવા છતાં જાહેર જીવનમાં પણ સારો રસ બતાવ્યો છે. સભાએ અનેક ધાર્મિક સંસ્કાર આપે તેવા મહા મૂલ્યવાન અગત્યનાં પુસ્તકો પ્રકાશન કરેલ છે. અને શિક્ષણ ક્ષેત્રે આગવું સ્થાન મેળવેલ છે. જેથી સંસ્થા યોગ્ય અને સુપાત્ર વ્યક્તિનું બહુમાન કરી જે વ્યક્તિને માન આપે છે તેવું માત્ર નથી હોતું પરંતુ તેઓ પોતે પણ માનના અધિકારી બને છે.

ત્યાર બાદ મહિલા કોલેજનાં પ્રિન્સિપાલ શ્રી જયેન્દ્રભાઇએ પોતાનાં વકતવ્યમાં જણાવ્યું કે,

માનનીય પ્રમુખશ્રી, આદરણીય શેઠશ્રી વાડીલાલભાઇ, મુ. શ્રી. ગુલાબચંદભાઈ, મુ. શ્રી. બકુભાઈ, મુરબ્બીઓ, બહેનો અને બંધુઓ,

શ્રી. જૈન આત્માનંદ સભા તરફથી યોજાયેલા આ સન્માન સમારંભમાં ભાગ લેવા માટે મને પણ તક આપવામાં આવી તે માટે હું સભાનો આભાર માનું છું. આદરણીય શેઠ શ્રી વાડીલાલભાઈનું જાહેરમાં સન્માન કરીને સભાએ એક પ્રશસ્ય કાર્ય કર્યું છે.

દાયકાઓ પહેલાં ભાવનગરના ટાઉન હોલમાં સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇનુ વ્યાખ્યાન યોજાયેલું. તે વખતે તેઓશ્રી પોતાની સામાજિક નવલકથાઓ માટે પ્રસિદ્ધ હતા. ઐતિહાસિક નવલકથાઓ તેમણે ત્યારે ખાસ લખી નહોતી. સભાના અંતે કોઇએ તેમને પૂછ્યું કે 'મુનશીની નવલ કથાના પાત્રો જેવા પરાક્રમી અને તેજસ્વી હોય છે તેવા તમારી નવલકથાના પાત્રો કેમ હોતા નથી ?' તેમણે હસીને કહેલું, 'ભૂતકાળના ગુજરાતીઓ જેવા પરાક્રમી હતા તેટલા વર્તમાનના કયાં છે ? કોઈ મગનલાલ કે છગનલાલ એવરેસ્ટનું આરોહણ કરે તેવું તમે કલ્પી શકો ખરા ?'

આજે તો ગુજરાતની દીકરીઓ પણ હિમાલયના શિખરો સર કરવા માંડી છે. પણ શ્રી. ર. વ. દેસાઇ પરાક્રમ માત્ર યુદ્ધભૂમિ કે પર્વતારોહણ કે એવા કોઇ ક્ષેત્રમાં જ હોઇ શકે એમ કલ્પતા હશે ? ભવ્ય પુરુષાર્થ કરીને લાખો મેળવવા અને ઘડીના છઠ્ઠા ભાગમાં લૂંટાવી દેવા એ પણ પરાક્રમ નથી ? ટેલીફોન પર લાખ બે લાખ ખોવાના સમાચાર મેળવ્યા પછી પણ સંપૂર્ણ સમતા રાખીને નિરાંતે ભોજન કરનારા વ્યક્તિઓનું ધૈર્ય વખાણવા લાયક નથી ?

મુ. શેઠશ્રી વાડીલાલભાઇની જીવનગાથા એક પરાક્રમની જ કથા છે. નાની ઉમ્મરે સંજોગોએ અભ્યાસ છોડીને ધંધો કરવાની ફરજ પાડી અને કાપડના કટપીસનો વેપાર કરવાનું શરૂ કર્યું ત્યારથી આજ સુધીનો ઇતિહાસ ભારે રોમાંચક અને આકર્ષક હોવો જોઇએ. સાવ સામાન્ય વેપારમાંથી મોટા ઉદ્યોગપતિ બનવું; રાજકીય, સામાજિક, ધાર્મિક ક્ષેત્રે આગળ પડતું કામ કરીને નામના મેળવવી એ દેખાય છે એટલું સહેલું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી. એની પાછળ કેવી મોટી તપશ્ચર્યા પડી હશે તે સમજવું જોઇએ. કળ્યો કોયડો કોડીનો પણ એ ન કળાય ત્યાં સુધી ?

અમેરિકા શોધીને પાછા આવનારા કોલંબસનું સ્પેનના બાદશાહ સન્માન કરતા હતા, ભોજન સમારંભ ચાલતો હતો. કોઈ અદેખા અમલદારે ટોણો માર્યો, 'આમાં કોલંબસનું શું પરાક્રમ છે ? કોઈ પણ માણસ સીધા ને સીધા વહાણ હંકાર્યે જાય તો સામે કિનારે પહોંચે જ ને ?' કોલંબસે તરત ટેબલ પરથી ઈંડું લઈ કહ્યું, 'આને કોઈ ઊભું રાખી શકો ખરાં ?" સૌ કોઇએ મથામણ કરી પણ લંબગોળ ઈંડું ઊભું શી રીતે રહે ? સૌએ કોલંબસને જ આ કામ કરી દેવા કહ્યું, તેણે તરત ચપ્પુ લઇ ઇંડાનો એક છેડો સહેજ કાપી નાખ્યો. એ છેડા પર ઈંડું ઊભું રાખ્યું. સૌ કહે, 'આ તો અમેય કરી શકત.' કોલંબસે કહ્યું, 'તો કરવું હતું ને ? ચપ્પુ લઇને ઇંડાનો છેડો કાપવાની મનાઇ તો નહોતી કરવામાં આવીને ? પણ સૂઝવું જોઇએ ને ? વહાણ સીધાં હંકાર્યે રાખવાથી અમેરિકા ખંડ જડી જતો હોય તો સૌએ નીકળી પડવું હતુ ને ?" પણ દુનિયા આવી જ છે. કોઈના પરાક્રમથી રાજી થવાને બદલે ઇર્ષ્યા કરે છે. કેટકેટલા પુરૂષાર્થી પુરુષોએ દોરી લોટાની મુડીએથી શરૂ કરી કરોડો રૂપિયાની કમાણી કરી છે ! ગુજરાતીઓ માટે તો આવા પરાક્રમો ખૂબ જાણીતા છે. આવા એક ગુજરાતીને, એક ભાવનગરીને આપણે સન્માની રહ્યા છીએ.

મુ. શેઠશ્રી વાડીલાલભાઇ જેમ કમાઈ જાણે છે તેમ ખર્ચી પણ જાણે છે. આરોગ્ય, કેળવણી અને ધર્મ ક્ષેત્રે એમણે વહાવેલ દાનના પ્રવાહની હમણાંજ આપણે વાતો સાંભળી. શરીરને નીરોગી રાખવામાં મદદરૂપ થનાર દવાખાનાં, મનને નીરોગી રાખવામાં મદદરૂપ થનારી કેળવણીની સંસ્થાઓ અને આત્માને ઉન્નતિના માર્ગે જવામાં સહાયભૂત થનારી ધાર્મિક પ્રવૃત્તિઓ સૌને મુ. વાડીભાઇએ પોતે અથાક મહેનત કરી કમાયેલું ધન છૂટે હાથે આપ્યું છે. ગરીબ લોકોને વિવિધ રીતે મદદ પહોંચે એવાં ગુપ્ત દાનોનો તો હું ઉલ્લેખ પણ કરતો નથી.

પોતે ખૂબ ધાર્મિક છે. જૈન ધર્મના આચાર વ્યવહારના આગ્રહી છે. આટલી બધી પ્રવૃત્તિ કરનાર માણસને ધાર્મિક કાર્યો નિયમિત કરવા માટે વખત કેમ કરીને મળતો હશે એની મને નવાઇ લાગતી. એકવાર હું મુંબઈથી તેમની સાથે ઘાટકોપર જતો હતો. મોટર ચાલવા માંડી અને તેમણે માળા શરૂ કરી. મને રહસ્ય સમજાઈ ગયું. પળે પળનો સદુપયોગ કરનાર માણસને બધા કાર્યો માટે પૂરતો સમય મળીજ રહે છે. મારી જેવા ઘણા માણસો આ સભામાં હશે જે અમુક કામ આળસને અંગે ન થઇ શકતું હોય ત્યારે વખત નથી એટલે થતું નથી એમ કહેતા હશે. ભગવાને સૌને એક દિવસનાં માત્ર ચોવીસ કલાકજ આપ્યા છે. એનો સદુપયોગ સમજણપૂર્વક કરીએ તો બધા કામ માટે સમય મળી રહે. એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે આપણે બહારગામ જઇએ ત્યારે આપણી બેગને જે રીતે પેક કરીએ છીએ તે રીતે આપણા દિવસના કાર્યોને આપણે પેક કરવા જોઇએ. જેમ નાની ચીજો બેગના ખુણામાં કે જ્યાં પોલાણ હોય ત્યાં ગોઠવી દઇએ છીએ તેમ થોડો થોડો સમય પણ દિવસમાં જ્યારે ફાજલ પડે ત્યારે તેમાં સદ્પ્રવૃત્તિ ગોઠવી શકાય. મુ. શ્રી વાડીભાઇ મોટરના પ્રવાસમાં મોટે ભાગે મૌન રાખીને માળા ફેરવે છે. એ રીતે સમય કાઢીને પણ અન્ય ધાર્મિક ક્રિયાઓ માટે સમય મેળવી લે છે. ચિત્તને એથી શાંતિ મળે છે અને પુણ્યમાં વૃદ્ધિ થાય છે. આમ વૃત્તિ હોય તો પ્રવૃત્તિ માટે સમય મળી જ રહે છે.

આપણે જ્યારે તેમનું સન્માન કરીએ છીએ ત્યારે તેમના ગુણોનું સન્માન કરીએ છીએ એ ગુણોનું આહ્‌વાન કરીએ છીએ અને એ ગુણો આપણામાં અને આપણી આસપાસ વિકસે એવું ઇચ્છીએ છીએ. એ માટે તો આવા મેળાવડાઓ યોજીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હું મુ. શ્રી વાડીલાલભાઇના કુટુંબ જીવનથી પણ સુપરિચિત છું. મારી જાતને એ માટે હું સદ્‌ભાગી માનું છું. નાના મોટા સૌ કુટુંબમાં સાથે જમતા હોય, પોતપોતાની વાતો ચાલતી હોય, મુ. શ્રી. વાડીભાઈ અને મુ. શ્રી ભાનુબહેન સંસારનો સર્વ ભાર છોડીને સૌની સાથે આનંદ પ્રમોદ કરતાં હોય એ દૃશ્ય મને ખૂબ ગમ્યું છે. સુખી કુટુંબમાં વસનારો માણસ નવા નવા પરાક્રમો માટે તાજો માજો થઈ જતો હોય છે. શ્રી. મહેશભાઇ કે શ્રી. હરીશભાઈ સાથે પણ તમારે કામનો પ્રસંગ પડે તો તમે તેમની નમ્રતાથી પ્રસન્ન થઈ જાઓ. ધનની સાથે સાથે જે દુર્ગુણો સમાજમાં પ્રવેશ કરી જાય છે તે શ્રી. વાડીભાઈના કુટુંબમાં પ્રવેશ કરી શકયા નથી તેનાં બે કારણો મને સ્પષ્ટ દેખાયાં છે. એક તો આખું કુટુંબ ખૂબ સાદાઈથી રહે છે. જાતે કામ કરી લેવામાં કોઇને સંકોચ નથી અને બીજું મુ. શ્રી. વાડીભાઈ અને મુ. શ્રી. ભાનુબહેનની ધાર્મિક વૃત્તિ, અહંકાર વગેરે દુર્ગુણોની આડે પાળ બાંધીને ઊભી રહે છે. પુત્રો, પુત્રીઓ, પુત્રવધૂ વગેરેમાં વ્યાપ્ત સ્નેહની સરવાણી સમસ્ત પરિવારને સાચાં સુખનો સતત અનુભવ કરાવે છે. એટલે આજે શ્રી જૈન આત્માનંદ સભાએ આ મેળાવડો યોજીને એક સમાજોપયોગી સેવા કાર્ય કર્યું છે અને તેમાં ભાગ લેવાની મને પણ તક આપીને કૃતાર્થ કર્યો છે એમ જણાવી મારૂં વક્તવ્ય પૂરૂં કરવાની રજા લઉં છું.

**—જયેન્દ્ર ત્રિવેદી**

ત્યારબાદ કુ. સરલાબેન કપાસીએ જણાવ્યું કે :—

મુરબ્બી વાડીભાઈ ધાર્મિક, સામાજીક, કે કેળવણીના ક્ષેત્રમાં આર્થિક સહાય આપવા ઉપરાંત જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે પોતે જાતે સેવા આપવામાં પાછી પાની કરતા નથી, એક વખત તેમને ઘરે હું કામ સર ગયેલી ત્યારે કેટલાક ભાઇઓ આવા કોઇ પ્રકારની સેવા માટે આવ્યા હતા. ત્યારે તેઓ થાકેલા હતા તો પણ તેઓએ તેમની વાતને સહર્ષ વધાવી લીધી હતી. ઘાટકોપરમાં તેમનું સ્થાન ઉદારતા અને સેવા માટે ઘણું જાણીતું છે. શ્રી જૈન આત્માનંદ સભા તેમનો સત્કાર કરે છે તે ઘણું ઉચિત છે.

ત્યારબાદ શ્રી ગુલાબચંદ લલ્લુભાઈએ શેઠશ્રી વાડીલાલભાઇને માનપત્ર અપર્ણ કર્યું હતું.

તેનો પ્રત્યુત્તર આપતા શેઠશ્રી વાડીલાલભાઇએ જણાવ્યું કે :—

મેં જે કંઈ કર્યું છે અને કરૂં છું તે મારા આત્મસંતોષ માટે અને મારી ફરજ રૂપે કરૂં છું.

ભાવનગરમાં સરદારનગરમાં પ્રતિષ્ઠા માટે મને જે શુભ યોગ પ્રાપ્ત થયો તે મારૂં સદ્‌ભાગ્ય સમજું છું. અને સંઘનો ઉપકાર માનું છું.

શ્રી જૈન આત્માનંદ સભામાં આજ સુધી હું જોઇએ તેવો રસ લઈ શકયો નથી. પણ કીંમતી અગત્યના પુસ્તકો અને સુંદર સાહિત્ય પ્રકાશન વિગેરે કાર્યો કરતી આ સભામાં જરૂર હું ઊંડો રસ લઇ મારાથી બનતો સહકાર આપીશ.

ત્યારબાદ પ્રમુખશ્રી પન્નાલાલભાઇએ જણાવ્યું હતું કે, આત્માનંદ સભા સાહિત્ય અને સેવાનાં ક્ષેત્રે સુંદર કાર્યો કરી રહી છે અને આવા ઉદાર ચરિત શેઠશ્રી વાડીલાલભાઇનું બહુમાન કરવાનો નિર્ણય કરવા માટે હું સભાનાં કાર્યવાહકોને અભિનંદન આપુ છું. શેઠશ્રી વાડીવાલભાઇને પણ ધાર્મિક તેમજ સમાજ કલ્યાણનાં કાર્યો કરતા રહે અને તેઓશ્રી તંદુરસ્તી સાથે દીર્ઘાયુ પ્રાપ્ત કરે એવી શુભેચ્છા પાઠવું છું.

ત્યારબાદ ફૂલહાર અને આભારવિધિ થયા પછી સભા વિસર્જન થઈ હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની

## સ્વર્ગારોહણ તિથિ પ્રસંગેનું વ્યાખ્યાન

[જેઠ વદિ ૩ તા. ૮–૬–૭૪ના દિવસે યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની ૪૯મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે પૂ. આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પદ્મસાગરજી ગણિવર્ય મહારાજે મુંબઇના ગોડીજી જૈન ઉપાશ્રયમાં આપેલા વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનનો મહત્ત્વનો ભાગ નીચે આપવામાં આવ્યો છે. પ્રસ્તુત વ્યાખ્યાનની વિસ્તૃત નોંધ શ્રી. લાલચંદ કે. શાહ બી. એ. (ઓનર્સ) બી. ટી. એસ. ટી. સી. એ લીધેલી, જે પરથી સંકલન કરી નીચેનું વ્યાખ્યાન તૈયાર કરવામાં આવેલ છે. —સંપાદક]

અનંત ઉપકારી વીતરાગ ભગવંતે અંતિમ દેશના વખતે મહત્ત્વપૂર્ણ ઉપદેશ આપેલ છે. જીવન શું છે? મૃત્યુ શું છે? અને તે વચ્ચેનું રહસ્ય શું છે તે અંગે બધું આ ઉપદેશમાં આવી જાય છે. એક સુંદર ઉપમા છે. જંગલમાં વિશાળ પશુ પરિવાર હતો. ત્યાં એક સિંહ આવ્યો અને બધા વચ્ચેથી એક અગત્યના પશુને ઉપાડી ચાલતો થઇ ગયો. વિશાળ પરિવાર હોવા છતાં કોઇ તેને ન બચાવી શક્યું. માનવજીવનની પણ આવીજ પરિસ્થિતિ છે. યમરૂપી સિંહ આવે ને શિકાર કરી ચાલતો થઈ જાય. કુટુંબ પરિવાર હાથ ઘસતા જોયા કરે. ત્યાં છે કોઇનું રક્ષણ? કોઈ કોર્ટનો સ્ટે ઓર્ડર ત્યાં કામ આવી શકે છે?

સ્વર્ગસ્થ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું જીવન અપૂર્વ હતું. જૈન કુળમાં જન્મ નહોતો થયો પણ જૈન કુટુંબો વચ્ચે જન્મ થયો હતો. આચાર્ય શ્રી રવિસાગરજી મહારાજ રસ્તે જતા હતા ત્યાં પાછળથી દોડતી ભેંસ આવી. બુદ્ધિસાગરજી બન્યા પહેલાના બેચરદાસની દૃષ્ટિએ આ દૃશ્ય પડ્યું. મહારાજશ્રીને બચાવવા પ્રયત્ન કર્યો અને ભેંસને લાકડી મારી દૂર ખસેડી દીધી. સદ્ભાવના સાહસને લઇ આવે છે. પરંતુ આચાર્યશ્રીએ બેચરદાસને ભેંસને મારતા વાર્યા અને કહ્યું કે જીવનમાં પ્રતિકાર નહીં સ્વીકાર થવો જોઇએ. બેચરદાસને અહિંસાની નવીજ દૃષ્ટિ પ્રાપ્ત થઇ. સાધુનું જીવન પરોપકાર માટે છે. સાધ્નોતિ પરહિતાનિ કાર્યાણિ યઃ સઃ સાધુઃ સાધુનું જીવન સાધનાથી સૌરભભર્યું હોય છે. દુનિયાના સંઘર્ષનો સ્વીકાર કરવાથી શાંતિનો અનુભવ થાય છે એ પાઠ આચાર્યશ્રીએ બેચરદાસભાઇને આપ્યો અને જીવનમાં પરિવર્તન આવ્યું. આચાર્યશ્રીએ બેચરદાસની જિજ્ઞાસા જોઈ મહેસાણા પાઠશાળામાં અભ્યાસ માટે વ્યવસ્થા કરાવી આપી. પૂર્વજન્મની સાધના તો હતીજ, તેના પર ચડેલી ધૂળ ઊડી ગઇ. સર્વ દર્શનનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. યુવાવસ્થા હતી. પછી તો પાલનપુર મુકામે દીક્ષા લીધી અને બેચરદાસભાઇ બુદ્ધિસાગરજી બન્યા. સાધનાની અપૂર્વ દૃષ્ટિ હતી. જીવ માત્ર માટે તેમને પ્રેમ હતો. સંઘર્ષમાં સમન્વય સાધતા. તેમના શબ્દોમાં ચિંતન હતું, બળ હતું. જિન આગમના મંથનમાંથી મેળવેલ નવનીત જગતને અર્પ્યું. વીતરાગના શબ્દોમાં પ્રચંડ શક્તિ છે, તે શક્તિને સ્વીકારવા યોગ્ય પાત્રતા જોઇએ. પૂજ્ય શ્રી. બુદ્ધિસાગરસૂરિજીએ લોક ભાષામાં જૈન દર્શનનો પરિચય કરાવ્યો. રોચક ભાષામાં ગ્રંથોની રચના કરી. તેમની રચનામાં સાધનાની સુગંધ મહેકે છે. સમન્વયની દૃષ્ટિથી પરિચય કરાવવાની દૃષ્ટિ હતી. જીવન તો ટૂંકું હતું પણ થોડા સમયમાં મહાન કામ કરી ગયા. સંઘર્ષમાં પોતાની શક્તિને વેડફી ન દેતાં. એ શક્તિનો ઉપયોગ સમન્વયમાં કરી પ્રશસ્ય સર્જન કર્યું. તેમણે નિર્મળ અને શુદ્ધ ભાવે પરમાત્માનો પરિચય કરાવ્યો. જગતના જીવોનાં જીવનનો જીર્ણોદ્ધાર કર્યો. તેમનામાં લઘુતા–નમ્રતા અમાપ હતા. તેમનું જીવન અગરબત્તી સમાન હતું. પ્રતિકાર નહીં પણ સહન કરવું, સળગાવનારને સુગંધ અર્પવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમણે જીવનને જ્વાળા નહિ, પણ જ્યોતિ બનાવી. સ્વયં જ્યોતિ બનીને બધાને પ્રકાશ આપ્યો. સ્વયંને સ્વયં જોઈ શકે એ છે આધ્યાત્મિક સ્થિતિ. પોતે દૃષ્ટા બનવું જોઇએ. સંઘર્ષથી દૂર રહી આત્મદશા પ્રાપ્ત કરી. આદર્શ જ્ઞાન માટે, દરેક વિષયની પ્રેરણા માટે, જીવન ઉચ્ચતર બનાવવા માટે સ્તવનો, પદો, ભજનો લખ્યા. તેમાં અપૂર્વ ભાવ ભર્યાં છે. તેઓ માનતા કે જ્યાં અહં ત્યાં અંધકાર જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં વિનમ્રતાની સૌરભ મૂકતા ગયા. જ્યાં કષાય, જ્યાં મમત્વ હોય ત્યાં અધોગતિ. તેથી તેના પ્રસાર પર ભયંકર પ્રહાર કરેલ છે. તેમણે આડંબરના પ્રદર્શન ન ભર્યાં. પ્રદર્શનમાં દર્શન નથી.

સિગ્નલ નીચે નમ્યો કે ટ્રેઇનનું આગમન થાય. તેમ જ્યાં નમન ત્યાં અન્યનું હર્ષપૂર્વક આગમન. કોઇ આત્માનું આગમન, કોઇ ઉચ્ચ તત્ત્વનું આગમન, કોઇ મહા પુરુષનું આગમન–પણ તે જો સિગ્નલ નીચું થાય તો–નહિતર નહીં. તેમ જ્યાં નમસ્કાર ત્યાં અપૂર્વ સ્થિતિ. આત્માના ગુણનો વિકાસ થાય ત્યાં અભિમાન નહિ હોય, દુનિયાની દુર્ગંધ નહિ હોય. શ્રી. બુદ્ધિસાગરજીએ હૃદયની ભાષામાં વર્ણન કર્યું. હૃદયની ગંભીરતાને ઊંડાણથી સર્જન કર્યું. તેમના સર્જનમાં ચિંતન છે, ઊંડાણ છે અને આદર્શ છે. આત્માના ગુણોનું સર્જન છે. તે વ્યક્તિને નિર્મળ બનાવે છે. તેમના જીવનમાં સંઘર્ષને સ્થાન ન હતુ. ત્યાં સમન્વયનો મંત્ર હતો. જે બહારથી લડે તે સંસારી. જે અંદરથી લડે તે વૈરાગી. તેમણે અંદરથી લડવાનો રસ્તો બતાવ્યો. પરમાત્માની પરમ શક્તિનો સ્વીકાર કરીએ ને વિચારનો આગ્રહ ન સેવીએ તો સર્વ નાશમાંથી બચી જઇએ.

શ્રી. બુદ્ધિસાગરજીની રચનામાં શબ્દોનું જોમ છે, ત્યાં આત્માની પ્રતીતિ છે, ત્યાં તર્ક નથી, કષાય મુક્તિનો માર્ગ છે. જ્યાં કષાયોમાંથી મુક્તિ પામ્યા કે આત્માના આનંદની અનુભૂતિ થશે. સ્વયં સ્વયંને દેખી શકશે. તેમણે ઉદારતાથી પોતાનું અર્પણ કર્યું. તેમણે પરિગ્રહ ન કર્યો, સંગ્રહ ન કર્યો. તેમણે સંઘર્ષને ટાળવાનો માર્ગ બતાવ્યો. અહંથી દૂર રહો, જીવનના વિકાસ માટે સહયોગની જરૂર છે. કષાય નહિ, પ્રહાર નહિ, પણ સ્વીકારની જરૂર છે. હથોડાના પ્રહારો એરણ પર પડે છે પણ તેથી એરણ ચકચકિત બનતું જાય છે, ત્યારે હથોડા તૂટી પડે છે. પ્રહાર કરનાર તૂટી જાય છે, પ્રહાર ઝીલનાર શુદ્ધ બને છે. જે આત્મા સહન કરે છે, દઢ છે, સ્થિર મનથી જગતનો સ્વીકાર કરે છે તે મહાન બની શકે છે. પ્રતિકાર ભયંકર છે, પરમાત્માથી જીવનને વંચિત કરે છે.

તમે લડશો તો સર્વનાશ થશે. સંઘની શકિત નાશ પામશે. ઘણા કહે છે. 'અમે ધર્મનું રક્ષણ કરીએ છીએ. શું ધર્મ એટલો કમજોર છે કે એનું રક્ષણ કરવું પડે? ધર્મ આપણું રક્ષણ કરનાર છે. આપણી તે એવી શી તાકાત છે કે શાસનની આપણે રક્ષા કરીએ! ઘરની આગ બુઝાવશો તો જગતની આગ બૂઝાઈ જશે. કોઈ બાબતમાં પ્રપંચ–કષાય–દંભ ન જોઈએ. આત્માની દૃષ્ટિથી આત્માનો પરિચય કરવો જોઇએ. જ્યાં સહનશીલતા ત્યાં સાધના. જ્યાં સાધના ત્યાં સિદ્ધિ. સાધના સક્રિય બને ત્યારે આનંદ આવે.

વર્તમાનકાળની સાધના દૂધપાકના ચમચા જેવી રસહીન છે, સ્વાદહીન છે. દૂધપાકના સ્વાદનો આનંદ ચમચો લઈ શકતો નથી, તેને કશો સ્વાદ આવતો નથી. દૂધપાકમાં રહેલા ચમચાને પૂછો કે દૂધપાકનો સ્વાદ કેવો છે? બધો સમય અંદર રહે પણ સ્વાદ ન જાણે. તેમ જિંદગી આખી ઉપાશ્રયમાં ગાળી હોય, છતાંય જીવન પેલા ચમચા જેવું–સ્વાદહીન–સાધના રહિત.

એક ભાઈ હતા. ૪૦ વર્ષથી સામાયિક કરતા આવે–તે માટે અનુમોદના. પણ પહેલેથી છેલ્લે સુધી કાંઈ ચિંતન નહિં. મેં પૂછ્યું: 'સજ્ઝાય સંદિ સાહુ'નો અર્થ શો? આ બોલો છો તેની અસર શી થઈ? કાંઈ નહિ. હા, નિર્જરા થઇ હશે આવા અંગુઠા છાપને સમતા નહિં, ચિંતન નહીં, આરાધનાનો પરિચય



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહીં. આવી રીતે સામાયિક કરનારને પેલા દૂધપાકના ચમચાની માફક ન આનંદ–ન સ્વાદ. સાંજ સવારે આરાધના ચાલ્યા કરે અને છતાં કશું પરિવર્તન ન આવે, એ તે કઈ જાતની આરાધના ? આ તો કોલેજના પટાવાળા જેવું થયું. વરસોના વરસો સુધી કોલેજમાં નોકરી કરી હોય, પણ કામ ફાઇલોનું એક ઠેકાણેથી બીજે ઠેકાણે મૂકવાનું જ કર્યું હોય–ત્યાં જ્ઞાન ક્યાંથી આવે ?

આ તો પરમાત્માનું શાસન છે, ત્યાં સંગઠન જોઈએ. સ્વયંનો વિચાર નહીં. વીતરાગના વિચારોનો પ્રસાર કરવાનો છે. તે માટે વીતરાગ પ્રત્યે પ્રેમ સદ્‌ભાવના જોઇએ. અહીં સ્વયંમનો વિચાર નથી કરવાનો. આ એટલ ફીલ્ડ નથી. આત્માની શોધ કરવાની છે. ચતુર્વિધ સંઘ પરમાત્માનું અંગ છે. એક બીજાની સાથે આત્મીયતાથી–પ્રેમથી ચાલવાનું છે. આત્મા તે છે જે પરમાત્માને જુએ. પરમાત્માને–વીતરાગને જોવા નીકળ્યા છો તો પરમાત્માનો પરિચય કરો. બહારથી નહિ આત્મામા પરમાત્માનાં દર્શન કરો. શ્રી બુદ્ધિસાગરજીનું જીવન યુનિવર્સિટી જેવું હતું. ઉત્કૃષ્ટ બ્રહ્મચર્ય, ઉત્કૃષ્ટ સાધના, શ્રેષ્ઠ ચિંતન, પ્રેમ સભર જીવન. ત્યાં સંઘર્ષ નહિ પણ સમન્વય હતો. ત્યાં સુગંધ હતી. તેમના જીવનમાં પ્રેમની સૌરભ છૂટે છે. તેમનું ચિંતન અપૂર્વ હતું. ચિંતન માટે એકાંત જોઇએ, આંતરરૂચિ જોઇએ, દષ્ટિની નિર્મળતા જોઇએ. આ બધું તેમનામાં હતું. જ્ઞાન અગાધ હતું. તેમનામાં સર્વતોમુખી પ્રતિભા હતી. તેમનું સાધુ જીવન આદર્શમય અને નિસ્પૃહી હતું. તેઓ સ્વયં પ્રશસ્તિથી દૂર રહેતા. લોકેષણાથી મુક્ત. સ્વાગત કે સન્માનની ભૂખ ન હતી.

ગૃહસ્થોના વધુ પડતાં પરિચયથી અમારા પરિવર્તન થાય છે. તેમનું જીવન અપરિગ્રહી, નિસ્પૃહી, ત્યાગી હતું. આનંદઘન જેવું મસ્ત જીવન. તેઓ ચાતુર્માસ વખતે કોઇને ભારરૂપ ન બનતા. એક પોસ્ટ કાર્ડ પણ ન લે. આજે તો સાધુના ચાતુર્માસ મોરગેજ કરવામાં આવે છે. સુશ્રાવકોએ સાધુતાનું રક્ષણ કરવું જોઇએ. સાધુ સ્ખલના કરે તો શ્રાવકોએ તેને વિવેક પૂર્ણ ભાષામાં કહી દેવું જોઇએ. શ્રાવક અને સાધુના અરસ-પરસના સહયોગ–સંગઠન ઉભયનો કલ્યાણ માર્ગ છે. આજે ત્યાગને અહં લાગેલ છે. ત્યાગને દુષિત બનાવવામાં આવેલ છે. શ્રી. બુદ્ધિસાગરજીના આહાર વિહાર, આચાર વિચાર સાદા, સરળ હતા. જીવનમાં નિઃસ્પૃહતા હતી. જે મળે તેથી સંતોષ. પ્રપંચ નહીં, ગૃહસ્થનો વધુ પરિચય નહીં. સ્ત્રીથી તો દૂરના દૂર. કાર્ય વિનાનો પરિચય સાધુના જીવનને પતનના માર્ગે ધસડી જાય છે.

આવા મહાન આત્માનો પૂરો પરિચય કરવવાનું મારી અલ્પ બુદ્ધિથી શક્ય નથી. તેમના સ્વર્ગારોહણને આવતા વરસે પચાસ વર્ષ થશે. હવે આપણે તેમના વિચારોને આચારમાં મૂકવાનો પ્રસંગ આવ્યો છે. વિચારોનું આચાર સાથે લગ્ન થાય તો તેથી ધર્મનો જન્મ થાય. તેમની સ્વર્ગારોહણની અર્ધ શતાબ્દીનો પ્રસંગ માત્ર એક રૂઢી ન બનવો જોઇએ. તે માટે આપણે વિસ્તૃત આયોજન કરવાનું છે. તેમના આદર્શોને જીવંત બનાવવાના છે. ધર્મને જીવનમાં ઉતારવાનો છે. ધર્મને જાણવો તે ધર્મ નથી, પણ આચરણમાં ઉતારવો તે સાચો ધર્મ છે. અંતમાં મારે એટલું કહેવાનું છે કે તેમના જીવનના આદર્શો આપણા જીવનને ઉજવાળે તેવું કાર્ય આપણે સૌ સાથે મળી કરવા કટિબદ્ધ થઇએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાવનગર-સરદારનગરમાં ભવ્ય

## પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રે ભાવનગરમાં શ્રી જૈન શ્વે. મૂ. તપા સંઘે સરદારનગર વિસ્તારમાં બંધાવેલ શ્રી શાન્તિનાથ જિનપ્રાસાદમાં સંવત ૨૦૩૦ જેઠ શુદી ચોથ ને શનિવાર તા. ૨૫-૫-૭૪ના રોજ ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો.

આ જિનપ્રાસાદનો શીલાસ્થાપન, તથા મૂળનાયક ભગવાન શાન્તિનાથજીના જિનબિમ્બને ગાદીનશીન કરવાનો તેમજ કાયમી પ્રતિવર્ષ પ્રતિષ્ઠા વર્ષગાંઠ દિને ધ્વજ ચડાવવાનો આદેશ શ્રી સંઘ પાસેથી મેળવી શેઠશ્રી વાડીલાલભાઈ ચત્રભુજ ગાંધીએ અપૂર્વ લાભ લીધેલ.

આ પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી કસ્તુરસૂરીશ્વરજી, પૂજ્ય આચાર્ય શ્રી ચન્દ્રોદય-સૂરીશ્વરજી તથા અન્ય પૂજ્ય મુનિ મહારાજોની નિશ્રામાં ખૂબ ઉલ્લાસપૂર્વક થયેલ.

આ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે વૈશાખ વદી ૧૧થી જેઠ શુદી પંચમી સુધી અઠ્ઠાઈ મહોત્સવ યોજાયેલ. આઠે દિવસ પૂજા, શ્રી સિદ્ધચક્ર પૂજન, અષ્ટોત્તર બૃહદ્ સ્નાત્ર અઢાર અભિષેક, જળયાત્રાનો વરઘોડો વગેરે મહા મંગલકારી તેમજ આનંદ-ઉલ્લાસ વર્ધક કાર્યક્રમો થયેલ.

આ પ્રસંગે જિનેશ્વર ભગવંતોની પ્રતિષ્ઠા કરાવવાનો તેમજ મંગળ પ્રવેશ કરાવવાનો આદેશ લેનાર મહાનુભાવોના નામ નીચે મુજબ છે,

(૧) મૂળનાયક શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિષ્ઠા તેમજ પ્રવેશ કરાવવાનો આદેશ શેઠશ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી.

(૨) શ્રી અજિતનાથ ભગવાનની પ્રતિષ્ઠા તથા પ્રવેશનો આદેશ શ્રીમતી મધુકાન્તાબેન રમણીકલાલ ભોગીલાલ શાહ.

(૩) શ્રી આદિશ્વર ભગવાનની પ્રતિષ્ઠા તેમજ પ્રવેશનો આદેશ-શેઠ હરજીવનદાસ રાઘવજી તથા તેમના ધર્મપત્ની તથા તેમના સુપુત્રો મુંબઈ.

(૪) શ્રી વાસુપૂજ્ય ભગવાનની પ્રતિષ્ઠાનો આદેશ શ્રી કંચનબેન વલ્લભદાસ શાહ તથા તેમના સુપુત્રો અને પ્રવેશનો આદેશ શ્રી મૃદલાબેન જસવંતરાય.

(૫) શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો આદેશ ગાંધી મહેશકુમાર વાડીલાલ તથા તેમના બંધુઓ, તથા પ્રવેશનો આદેશ સ્વ. નગીનદાસ હરગોવીંદદાસ શાહના સુપુત્રો તથા રજનીકાન્ત તથા પુત્ર વધૂઓ.

(૬) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા તેમજ પ્રવેશનો આદેશ શાહ પ્રભુદાસ માવજીભાઇ તથા તેમના ધર્મપત્ની મોંઘીબેન તથા તેમના સુપુત્રો.

(૭) શ્રી મહાવીરસ્વામી ભગવાનની પ્રતિષ્ઠાનો આદેશ સ્વ. જેઠાલાલ મોરારજી મહેતાના સુપુત્રો તથા પ્રવેશનો આદેશ શ્રી બનજીભાઈ દામોદરદાસ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૮) શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા તેમજ પ્રવેશનો આદેશ સ્વ. નગીનદાસ હરગોવીંદદાસ શાહ તથા સુપુત્રો અને પુત્ર વધૂઓ.

(૯) શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા તેમજ પ્રવેશનો આદેશ સ્વ. શા. શાન્તિલાલ પુરૂષોત્તમ ગીગાભાઇ.

આઠે દિવસનો ઉત્સવ આનંદ ઉલ્લાસથી ઉજવાયો હતો. તેમજ મૂળનાયકની પ્રતિષ્ઠા નિમિત્તે શેઠશ્રી વાડીલાલભાઇ ચત્રભુજ ગાંધી તરફથી સમસ્ત શ્રી સંઘમાં (ત્રણે ફીરકામાં) (જમણવારનો પ્રતિબંધ હોવાથી) ૭ લાડવાની શેષ ઘરદીઠ વહેંચી સાધર્મિક ભક્તિનો અપૂર્વ લાભ લીધો હતો.

પ્રતિષ્ઠા થયા પછી જેઠ શુદ પંચમીને શનિવારના જિન પ્રાસાદના દ્વારોદ્‌ઘાટનનો આદેશ લઈ શેઠશ્રી ચીમનલાલ દોશીએ અપૂર્વ લાભ લીધેલ.

# જૈન સમાચાર

**પાલીતાણામાં ધાર્મિક શિક્ષણ શિબિર :**—ભાવનગરના શ્રી મહાસુખરાય હીરાચંદના નિમંત્રણથી શ્રી ધાર્મિક શિક્ષણ શિબિર પાલીતાણામાં થયેલ. આ શિબિરનો આરંભ વૈશાખ શુદી ૧૧થી થયેલ અને તે ૨૨ દિવસ સુધી ચાલેલ. શિબિરનું આયોજન અને સંચાલન શ્રી કુમારપાળ વિ. શાહે કરેલ. તેમાં આશરે ૧૭૫ મેટ્રીક તેમજ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પૂજ્ય આચાર્ય શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજીએ પ્રવચન અને માર્ગદર્શન આપ્યું હતું. હમેશા આવશ્યક સૂત્રો, મોક્ષમાર્ગ, યાને માર્ગાનુસારી જીવન, જૈન તત્ત્વજ્ઞાન તથા આચાર વગેરે વિષયો પર પ્રવચનો થતા હતા.

શિબિરમાં વિદ્યાર્થીઓની પરીક્ષા લઇને વિદ્યાર્થીઓને સારી રકમના ઈનામો વહેંચવામાં આવ્યા હતા.

## શેઠશ્રી કસ્તુરભાઇનું શ્રી સંઘને ઉદ્‌બોધન

કલકત્તા–સિદ્ધાચલ સંઘના સંઘપતિઓના સન્માન પ્રસંગે શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇનું ટૂંકુ પ્રવચન અમદાવાદ તા. ૧૪–૫–૧૯૭૪.

તીર્થપ્રભાવક પૂ. આ. શ્રી જયંતસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિક્રમસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી નવીન-સૂરીશ્વરજી તથા સંઘપતિ ભાઇઓ.

કલકત્તાથી નીકળી અનેક તીર્થોની યાત્રા કરતા કરતા અમદાવાદ જૈન પુરીમાં સંઘને આવકારતા મારૂં અહોભાગ્ય માનું છું. આજથી ૧૦૦ વર્ષ ઉપર જ્યારે ટ્રેન અને બસની સગવડ ન હતી ત્યારે જૈન ભાઇ બહેનો માટે સંઘ નીકળે ત્યારેજ યાત્રાએ જતાં, કારણકે તે જમાનામાં એકલદોકલ જવાનું ઘણું મુશ્કેલ હતુ. આપણે જાણીએ છીએ કે જુદા જુદા વખતે મોટા મોટા સંઘો નીકળ્યા હતા. અને તેમાં હજારો યાત્રીઓએ ભાગ લીધો હતો. પણ આટલો લાંબો સંઘ અને તે પણ પગપાળા કાઢવા ઇતિહાસમાં મળવું મુશ્કેલ છે. પૂ. આચાર્ય મહારાજ વિજય જયંતસૂરીશ્વરજીની નિશ્રામાં આવો સંઘ નીકળ્યો અને પાંચ મહિનાથી મજલ કાપતો તે અમદાવાદમાં આવી પહોંચ્યો તે અમારે સારૂ ધન્ય ઘડી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપના પ્રયાણમાં આપે જુદા જુદા દેવ મંદિરોના દર્શન કર્યા હશે. તે પ્રાસાદો ઊભા કરનાર વ્યક્તિઓની જૈન ધર્મ ઉપર કેવી શ્રદ્ધા અને ભક્તિ હશે તેનો આછો પાતળો ખ્યાલ આપને આવ્યો હશે. આપણા ભાઇ બહેનો મંદિરો બંધાવવામાં ઉપધાન સમારંભો કરાવવામાં અને બીજી ધાર્મિક ક્રિયાઓ પાછળ દર વર્ષે પચાસ લાખથી એક કરોડ રૂપિયા જેવી રકમ ખર્ચે છે તેને માટે તેમને જેટલો ધન્યવાદ આપીએ તે ઓછો છે. પણ મારે કહેવું જોઇએ કે એક અગત્યની બાબતમાં આપણે ઉપેક્ષા સેવીએ છીએ, અને તે એ કે જૈન ભાઈ બહેનોને કામે ચડાવી તેમની સ્થિતિ સુધારવા અંગે આપણે દુર્લક્ષ્ય સેવ્યું છે હું આશા રાખું છું કે જૈન અગ્રેસરોનું આ તરફ ધ્યાન ખેંચાય અને આ ઊણપ પૂરી કરીએ.

"જૈન-૨૫-૫-૭૪"માંથી સાભાર.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય વિદ્યાર્થીની શિષ્યવૃત્તિ-૧૯૭૪

સને ૧૯૭૪ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલ ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની એસ. એસ. સી. ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અને ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખનાર શ્વેતામ્બર મૂર્તિપૂજક એક **જૈન વિદ્યાર્થિની**ને રૂ. ૩૦૦ની શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થિની શિષ્યવૃત્તિ આપવાની છે. એ અંગે નિયત અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગષ્ટ ક્રાંતિ માર્ગ, મુંબઇ-૩૬ ઉપર આવેલ કાર્યાલયેથી મળશે, જે સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦મી જુલાઈ છે.

## પુસ્તક પરિચય

**શ્રી જિનેશ્વર મહિમા** (શ્રીમદ્ રાજચંદ્રજીના લખાણોમાંથી સંગ્રહ) સંકલન કર્તાઃ—શ્રી જયંતીલાલ પોપટલાલ શાહ. પ્રસ્તાવના શ્રી રતિલાલ દીપચંદ દેશાઇ. પ્રકાશકઃ શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ. પ્રાપ્તિસ્થાનઃ શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, પંચભાઇની પોળ, અમદાવાદ. ક્રાઉન આઠ પેજી પૃષ્ઠ ૨૦૯+૩૬ કિંમત રૂા. ૧-૨૫.

શ્રી જિનેશ્વર ભગવંતોનો મહિમા અપાર છે પણ તેને સમજવાની વાત કઠિન છે. શ્રીમદ્ રાજચંદ્ર જેવા સમર્થ તત્ત્વજ્ઞાની શ્રી જિનેશ્વર ભગવંતોને કેવી શ્રદ્ધાની નજરે જુએ છે, સર્વજ્ઞ ભગવંતોના કેવા ગુણો છે, તેઓએ શું પ્રાપ્ત કર્યું છે કે જેથી તેમના વચનમાં 'એક પળ પણ શંકા ન થવી જોઇએ' એ વસ્તુનું નિરૂપણ આ પુસ્તકના સંકલનકારે શ્રીમદ્જીના લખાણો દ્વારા ઉત્તમ રીતે કર્યું છે. શ્રી. રતિલાલ દીપચંદ દેશાઇએ આ પુસ્તકની પ્રસ્તાવનાદ્વારા શ્રીમદ્‌ના આંતર વૈભવની ઝાંખી કરાવી આ પુસ્તકની શોભામાં અનેક રીતે વધારો કર્યો છે. પૂ. ગાંધીજીએ પોતાની આત્મકથામાં શ્રીમદ્જી અંગે લખ્યું છે કે "ઘણાં ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યારપછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે. પણ જે છાપ મારા પર રાયચંદભાઇએ પાડી તે બીજા નથી પાડી શકયા. તેમનાં ઘણાં વચનો મને સોંસરા ઉતરી જતા" પૂ. ગાંધીજીએ શ્રીમદ્‌ના જીવનમાંથી ચાર ચીજો શીખવાનું કહ્યું છે: (૧) શાશ્વત વસ્તુમાં તન્મયતા (૨) જીવનની સરળતા—આખા સંસાર સાથે એક વૃત્તિથી વ્યવહાર (૩) સત્ય (૪) અહિંસામય જીવન શ્રીમદ્જી અંગેનું વિપુલ સાહિત્ય બહાર પડ્યું છે અને પડે છે, તેમાં આ ગ્રંથ જુદી ભાત પાડે છે. સંકલનકાર અને પ્રકાશકોને આવા અમૂલ્ય ગ્રંથ માટે ધન્યવાદ ઘટે છે. ગ્રંથની પડતર કિંમત કરતાં પણ ઘણી ઓછી કિંમત રાખી છે તે વાત પ્રશંસાને પાત્ર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાભાર ગ્રન્થ સ્વીકાર

(૧) કર્મ સિદ્ધાન્ત : રૂપરેખા અને પ્રૌઢ ગ્રન્થો; લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા–પ્રકાશક. શા. મઘરાજ ખુમચંદજી વાઈવાલા

(૨) સ્તવ–પરિજ્ઞા (અજ્ઞાત નામના શ્રી પૂર્વધર મહાપૂર્વાચાર્ય વિરચિત)–સંપાદક પ્રભુદાસ બેચરદાસ પારેખ કિં. રૂા. ૩–૦૦

(૩) ધ્યાન યોગ : લે. સ્વામી શિવાનંદ સરસ્વતી કિં. રૂા. ૭–૦૦

(૪) રાજયોગ પાઠાવલી : લેખક ઉપર મુજબ કિં. રૂા. ૩–૦૦

(૫) સાધન ચતુષ્ટય : લેખક ઉપર મુજબ કિં. રૂા. ૨–૦૦

(૬) યોગનું વ્યવહારૂ જ્ઞાન : લેખક ઉપર મુજબ કિં. રૂા. ૨–૫૦

(૭) ઇશ્વર : માતૃ સ્વરૂપે : લેખક ઉપર મુજબ કિં. રૂા. ૨–૫૦

(૮) શિવાનંદ આત્મકથા : લેખક અને પ્રકાશક ઉપર મુજબ કિં. રૂા. ૩–૫૦

(૯) ગીતા સંદેશ : લેખક અને પ્રકાશક ઉપર મુજબ કિં. રૂા. ૨–૫૦

(૧૦) સરળ ગીતા : લેખક શ્રી સ્વામી કૃષ્ણાનંદ, પુસ્તક ૩ થી ૧૦ ના પ્રકાશક શ્રી સ્વામી કૃષ્ણાનંદ, ડિવાઈન લાઈફ ટ્રસ્ટ સોસાયટી, પો. શિવાનંદનગર જિ. ટેહરી–ગઢવાલ (ઉ. પ્ર.)

(૧૧) શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ : સંગ્રહકર્તા ભોગીલાલ ગિ. શેઠ–ઠે. ૩૪, મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦૦૦૧.

(૧૨) વીતરાગ સ્તવ : સવિવેચન–સકાવ્યાનુવાદ. વિવેચન–અનુવાદ કર્તા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા. મૂલ્ય–ત્રણ રૂપિયા. પ્રાપ્તિસ્થાન : શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા, ઠે. પંચભાઈની પોળ, અમદાવાદ.

(૧૩) જૈન ધર્મ સાર : હિન્દી સર્વ સંઘ પ્રકાશન, ઠે. રાજઘાટ વારાણસી

(૧૪) અંચલ ગચ્છ દિગ્દર્શન (સચિત્ર) : પ્રયોજક શ્રી "પાર્શ્વ" પ્રકાશક શ્રી મુલુંડ અંચલ ગચ્છ જૈન સમાજ. મુલુંડ–મુંબઈ–૮૦ કિં. રૂા. ૧૫–૦૦

---

# સાચી વિદ્યા

આજની કેળવણીમાં ધર્મને સ્થાન નથી એમ કહીએ તો ચાલે. માત્ર ભરણ–પોષણને ખાતર જ કેળવણી લેવી એ સામાન્ય વસ્તુ છે. માનવીના જીવનની કિંમત શું છે? દેહ અને આત્માને શું સંબંધ છે? તે બધી વસ્તુઓનું જ્ઞાન ન હોય તો ગ્રેજ્યુએટ થવા છતાં નકામું છે. જ્ઞાન એ દીપક છે. એટલે જ્ઞાન તો મળવું જોઈએ. નહીં તો પેટ તો જાનવરો પણ ભરે છે. પરતુ મનુષ્યમાં જે વિશેષતા છે એ મનુષ્ય ન ઓળખે તો એને મળેલું જ્ઞાન નકામું છે.

—સરદાર વલ્લભભાઈ પટેલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે...................

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયરપ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટ્સ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે...................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઈવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ ( ડી. ડી )

ફોન : ૪૪૮૩૬૧/૬૨
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઈ-૧૨ ( ડી. ડી. )

ફોન : ૩૯૫૦૬૭, ૩૭૪૮૯૩
ગ્રામ : ' શાપરીઆ ' પરેલ-મુંબઈ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


શ્રી આત્માનંદ પ્રકાશનો

# મુનિશ્રી પુણ્યવિજયજી

# શ્રદ્ધાંજલિ વિશેષાંક

પાકું પુંઠું કીં. રૂા. ૬–૨૫ કાચું બાઈન્ડીંગ રૂા. ૫–૨૫

આ અંકમાં પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજીના જીવનના દરેક પાસાને આવરી ખૂબ જહેમત લઈ સંપાદક કમિટીએ તૈયાર કરેલ છે. પૂજ્ય મુનિમહારાજનું જીવન સૌને પ્રેરણાદાયી છે. તેમના જીવનના મહત્ત્વના પ્રસંગોના ફોટા આપી અંકને સજીવ બનાવવામાં આવ્યો છે. તેનું કવર પેજ પણ સુંદર અને કલાત્મક છે. તેમાં આવેલા પૂજ્ય મુનિજીના રંગીન ફોટાઓ આ અંકની મહત્તા અને શોભામાં વધારો કરે છે. બાઈન્ડીંગ પણ સુંદર છે.

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ, ભાવનગર.

૨. શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ. ઠે. ૬, અમુલ સોસાયટી, અમદાવાદ–૭

૩. શ્રી કાન્તિલાલ ડી. કોરા. ઠે. શ્રી મહાવીર જૈન વિદ્યાલય ઓગષ્ટ ક્રાન્તિ માર્ગ મુંબઈ ૩૬

અમારૂં નવું અને અણમોલ પ્રકાશન

શ્રી શાકટાયનાચાર્ય વિરચિત

**स्त्रीनिर्वाण-केवलिभुक्तिप्रकरणे ॥**

સંપાદક : પૂ. મુનિમહારાજ શ્રી જંબૂવિજયજી

કિંમત છ રૂપિયા

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા

મૂળ સંસ્કૃતભાષામાં સ્વોપજ્ઞવૃત્તિ સાથે શ્રી શાકટાયનાચાર્યે રચેલો આ ગ્રન્થ ઘણી મહત્ત્વની વિચારણા રજુ કરે છે. સ્ત્રી-નિર્વાણ અને કેવલી–કવલાહાર આ બે વિષયોની આ પુસ્તકમાં વિશદ છણાવટ થયેલી છે. આ ગ્રન્થની મહત્તા સમજી સ્વ. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજીએ એ પ્રગટ થાય એવી અભિલાષા પ્રગટ કરી હતી. અને તેમની જ પ્રેરણાથી વિદ્વાન મુનિરત્ન શ્રી જંબૂવિજયજી મહારાજે ખૂબ જહેમત લઈ આ પુસ્તકનું સંપાદન કરેલ છે. તેની પ્રાસ્તાવિક સમજુતી સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષામાં આપવામાં આવી છે. આ પુસ્તક દરેક પુસ્તકાલયો અને જ્ઞાનભંડારોએ વસાવવા યોગ્ય છે.

પ્રાપ્તિસ્થાન : શ્રી જૈન આત્માનંદ પ્રકાશ ખારગેઈટ, ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | रु. न. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी-द्वितीय अंश | १०-०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०-०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित-महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५-०० |
| ४. ,, ,, प्रताकारे | १५-०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०-०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५-०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५-०० |
| ८ प्रबंधपंचशती | १५-०० |
| ९ श्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६-०० |

### અંગ્રેજી ગ્રંથો

| | R. N p |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦-૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨-૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૨-૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨-૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦-૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩-૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧-૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦-૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨-૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨-૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨-૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨-૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨-૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨-૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫-૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨-૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચુ બાઈન્ડીંગ | ૫-૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

। લખો ।

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક: હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only